પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૬૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૮-૦૩-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# મુંબઈમાં વાવાઝોડાનો મોટો ખતરો, દરિયામાં હલચલ શરૂ થઈ

મુંબઈ,

મહારાષ્ટ્રની આર્થિક રાજધાની મુંબઈમાં વાવાઝોડાનું સંકટ મંડરાઈ રહ્યું છે. જ્યારે દરિયામાં જોરદાર તોફાન આવે છે ત્યારે તેના પહેલા જે લક્ષણો જોવા મળે છે તે મુંબઈમાં જોવા મળી રહ્યા છે. દરિયામાં હલચલ વધી છે. તાપમાન અને પાણીનું સ્તર વધી રહ્યું છે. વધતા તાપમાનના કારણે પાણીનું સ્તર વધી રહ્યું છે. જો તાપમાન આમ જ વધતું રહેશે તો ભયંકર દરિયાઈ તોફાન આવી શકે છે. એક રિપોર્ટમાં આ વાત સામે આવી છે. જો પાણીનું સ્તર આમ જ વધતું રહ્યું તો ૨૦૫૦ સુધીમાં આ વધતા જળસ્તરને કારણે લગભગ ૫ હજાર કરોડનું નુકસાન થશે.

ઈન્ટરગર્વનમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જના છઠ્ઠા મૂલ્યાંકન રિપોર્ટનો બીજો ભાગ જાહેર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે મુંબઈના દરિયામાં આવા ફેરફારો ૨૦૨૭ સુધીમાં ૨.૯ની સ્પીડથી વધી જશે.મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોસ્ટલ રોડને પૂરથી બચાવવા અને દરિયાના પાણીના સ્તરને વધતુ બચાવવા માટે શરૂ કરાયેલ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં સુરક્ષા સંબંધિત પ્રયાસો અને યોજના તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે. એવી આશંકા છે કે જેમ જેમ સમય પસાર થશે તેમ તેમ સૌ પ્રથમ દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રાણીઓ, વનસ્પતિ અને માછલીઓ માટે સંકટ સર્જાશે. આ પછી મુંબઈ સહિત સમગ્ર વિશ્વમાં વધતા તાપમાનના કારણે પ્રિ-મોન્સૂન અને પોસ્ટ-મોનસૂન દરમિયાન ચક્રવાતના આગમનમાં વધારો થશે. આનાથી ભારે વિનાશ શરૂ થશે. ટૂંક સમયમાં મુંબઈમાં ચક્રવાતની અસર દેખાવાનું શરૂ થઈ જશે.

તાપમાનમાં વધારા સાથે ચોમાસા પહેલા અને ચોમાસા પછીના ચક્રવાતી તોફાનોમાં વધારો થશે. આવું માત્ર મુંબઈમાં જ નહીં બને પણ મુંબઈ સહિત કોલકાતા, ચેન્નાઈ જેવા શહેરોમાં દરિયાની સપાટી વધવાને કારણે સંકટ વધશે. આવી સ્થિતિમાં ઉત્સર્જન ઘટાડવું ખૂબ જ જરૂરી છે. જો ઉત્સર્જનમાં કોઈ ઘટાડો નહીં થાય તો ગરમી અને ભેજ વિશ્વભરમાં એવી પરિસ્થિતિનું નિર્માણ કરશે, જે સહન કરવું માનવીના નિયંત્રણમાં રહેશે નહીં.

હવામાન વિભાગે મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને વિદર્ભના ૨૨ જિલ્લાઓમાં આગામી ત્રણ દિવસ સુધી કમોસમી વરસાદની આગાહી કરી છે. ૧૦ માર્ચ સુધી ગાજવીજ અને ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. તેવી જ રીતે મુંબઈ અને તેની આસપાસના વિસ્તારો અને કોંકણ વિસ્તારમાં પણ કમોસમી વરસાદની શક્યતા છે. હાલમાં બંગાળની ખાડીમાં લો પ્રેશરનો વિસ્તાર બન્યો છે. જેના કારણે દક્ષિણ ભારતના વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે. બીજી તરફ ઉત્તરમાં ચક્રવાતી પવનોને કારણે ઉત્તરીય ભાગોમાં પણ વરસાદની શક્યતા છે. આ બધાની અસર મહારાષ્ટ્ર પર પડશે અને ઉત્તર મહારાષ્ટ્ર અને ઉત્તર વિદર્ભમાં અને ૮, ૯,૧૦ માર્ચના રોજ ઘણા વિસ્તારોમાં વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મુંબઈ સહિત પૂણે, અહેમદનગર, કોલ્હાપુર, સતારા, ઔરંગાબાદ, જાલના, પરભણી, બીડ, નાંદેડ, અકોલા, અમરાવતી, બુલઢાણા, ચંદ્રપુર, ગઢચિરોલી, નાગપુર, વર્ધા, વાશિમ, યવતમાલ, ધુલે, નંદુરબાર, નાસિક , જલગાંવ જિલ્લામાં વરસાદ પડવાની સંભાવના છે.

## ગુજરાતમાં ટ્રાફિક બ્રિગેડના IG દ્વારા આયોજિત ટ્રાફિક ડ્રાઈવનું સૂરસૂરિયું

અમદાવાદ,

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં વધતાં રોડ અકસ્માતનું પ્રમાણ ઘટાડવા માટે ફરી એકવાર ટ્રાફિકને લગતા નિયમોના કડકાઈથી પાલન અંગે સૂચનાઓ આપવામાં આવી હતી. રાજ્યમાં ૬ માર્ચથી ૧૫ માર્ચ સુધી ટ્રાફિક ડ્રાઈવનો આદેશ અપાયો હતો. પરંતુ આજ ૬ માર્ચના દિવસથી જ જાણે વાહનો ચાલકોને જલ્સા પડી ગયા છે. અમદાવાદ શહેરના એક પણ ચાર રસ્તા ઉપર એક પણ પોલીસ મેન જોવા મળ્યો ના હતો. સામાન્ય રીતે જે ચાર રસ્તાઓ પર પોલીસનો ખડકલો રહેતો હોય છે ત્યાં પણ ચકલુય ફરક્યું નથી. શું પોલીસ મોટા ઉપડે જાહેરાત કર્યા બાદ પોલીસ ડિપાર્ટમેંટ અમલવારીમાં ચૂક ખાઈ ગયું છે. શહેરના પૂર્વ વિસ્તારની વાત કરીએ તો નિકોલ, બાપુનગર, રખિયાલ સારંગપુર, સોનીની ચાલ, વસ્ત્રાલ, ઓઢવ, એક પણ ચાર રસ્તા ઉપર ટ્રાફિક પોલીસની હાજરી જોવા મળી નથી. નિર્ણયનગર, રીવરફ્રન્ટ સહિતના વિસ્તારમાં પણ ટ્રાફિક ડ્રાઈવની તો વાત જ બાજુ પર રહી. એવી જ રીતે પશ્ચિમ વિસ્તારની વાત કરીયે તો પકવાન ચાર રસ્તા, ઈસ્કોન, જજીસ બંગલો ચાર રસ્તા, સેટેલાઈટ ચાર રસ્તા, માનસી, સાથે આખા જ સરખેજ ગાંધીનગર હાઈવે ના એક પણ ચાર રસ્તા ઉપર કોઈ જ ટ્રાફિક ડ્રાઈવની આયોજન તો ઠીક પણ સામાન્ય દિવસના જેટલી પોલીસ પણ નથી. ઉલ્લેખનીય છે કે, રાજ્યના સ્ટેટ ટ્રાફિક બ્રિગેડના આઈજી પિયુષ પટેલે આ મામલે પરિપત્ર જારી કર્યો હતો. આ પરિપત્રમાં ટ્રાફિક નિયમ ભંગ કરનાર સામે કડક પગલા લેવા આદેશ આપ્યા હતા. રોડ અકસ્માતમાં ઘટાડો લાવવા માટે તેમજ ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી કરાવવા માટે ગુજરાત પોલીસને આદેશ કરવામાં આવ્યો હતા. પોલીસ મહાનિરીક્ષક પીયૂષ પટેલ એસ.ટી.બી. ગુજરાત રાજ્યએ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરાના પોલીસ કમિશનરને ઉદ્દેશીને હેલમેટના નિયમ ભંગ તથા સીટ બેલ્ટ ભંગના કેસ મામલે ડ્રાઈવ યોજવા આદેશ આપ્યો હતો. સમગ્ર શહેરમાં એક પણ ટ્રાફિક સર્કલ કે રોડ ઉપર ક્યાય પણ પોલીસ વિભાગ દ્વારા આયોજિત ટ્રાફિક ડ્રાઈવ જોવા મળી નથી.

## GST ના ત્રણ સ્લેબ કરી રૂા.૪.૫૦ લાખ કરોડનો કરબોજ વધારવાની તૈયારી

નવીદિલ્હી,

દેશમાં ચૂંટણીનો માહોલ પુરો થતા જ એક તરફ પેટ્રોલ-ડીઝલ સહિતના ભાવોમાં મોટો વધારો તોળાઈ રહ્યો છે તો આગામી સમયમાં જીએસટીના સ્લેબમાં પણ ફેરફારથી મોંઘવારીનો નવો ડોઝ આવી શકે છે અને એક મહત્વના ફેરફારમાં જીએસટીના હવે ત્રણ સ્લેબ જ અમલમાં આવશે.

ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ રાજયના નાણામંત્રીઓની એક બેઠક જે જીએસટી પરિષદ તરીકે યોજાઈ છે તેની સમક્ષ નાણામંત્રીઓની કમીટીનો રીપોર્ટ રજુ થશે. જેમાં સૌથી નીચા કરસ્લેબમાં વધારો કરવાની જોગવાઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ હાલ જે પાંચ ટકાનો સ્લેબ છે તે વધારીને આઠ ટકાનો કરાશે અને તેના કારણે વર્ષે ૧.૫૦ લાખ કરોડની વધારાની રકમ જીએસટીને મળશે. જીએસટીના સ્લેબમાં એક ટકાનો વધારો એ ૫૦ હજાર કરોડનો આવક વધારો આપે છે. બીજી તરફ હાલ બ્રાન્ડ વગરના અને



પેકેજ વાળા ખાદ્ય પદાર્થો તથા ડેરી પ્રોડકટ જીએસટીની બહાર છે તેને પણ હવે જીએસટીમાં લાવવામાં આવશે.

વર્તમાન પાંચ, ૧૨, ૧૮, ૨૮ ટકાનો સ્લેબ છે જેમાં પાંચ ટકાનો સ્લેબ નાબુદ થશે. ૧૨ અને ૧૮ ટકાનો સ્લેબ ભેગો કરીને એકંદરે ૧૮ ટકાનો સ્લેબ કરી દેવાશે અને ૨૮ ટકાનો ત્રીજો સ્લેબ અમલમાં આવશે. જેના કારણે એકંદરે સરકારને આવક વધી જશે. ૧૨ ટકાના સ્લેબમાં આવતા તમામ ચીજવસ્તુઓ મોંઘી બનશે અને આ રીતે પણ સરકાર છ ટકાનો સ્લેબ વધારીને અંદાજે રૂા.૩ લાખ કરોડની વધારાની આવક મેળવશે. આમ જીએસટીમાં કુલ રૂા.૪.૫૦ લાખ કરોડની રકમ વર્ષે વધારે મળે તે સરકાર જોવા માંગે છે.

## પંજાબમાં આપનું ઝાડું ચાલશે ૯૦ બેઠકો મળે તેવી સંભાવના, ગોવામાં ભાજપને ૩૨-૩૮ બેઠકોનું અનુમાન

નવીદિલ્હી,

પંજાબ વિધાનસભાની ચુંટણી ૨૦ ફેબ્રુઆરીએ થઈ હતી. કોંગ્રેસ આમ આદમી પાર્ટી અને પંજાબ લોક કોંગ્રેસ સહિત તમામ પાર્ટીઓએ જીતના દાવા કર્યા છે પરંતુ જનતાએ કોના પર વિશ્વાસ વ્યકત કર્યો છે તે ૧૦મી માર્ચે જાણી શકાશે પરંતુ આ પહેલા આવેલા એકઝીટ પોલમાં તસવીર થઈ ગઈ છે.ઈન્ડિયા ટુડે એકઝીટ પોલ માય ઈન્ડિયાના પોલ સામે આવી ચુકયા છે.તેમાં આમ આદમી પાર્ટીને ૭૯થી ૯૦ બેઠકો મળે તેવું અનુમાન લગાવવામાં આવ્યું છે.પંજાબમાં આમ આદમી પાર્ટીને ૪૧ ટકા મત મળવાની સંભાવના છે.જયારે ભાજપને માત્ર સાત ટકા મત મળવાનું અનુમાન છે.જયારે કોંગ્રેસને ૨૮ ટકા મત મળી રહ્યાં છે.પંજાબમાં કોંગ્રેસને ૧૯થી ૩૧ બેઠકો મળે તેવું અનુમાન છે જયારે ઈન્ડિયા ટુડે એકિસસ માય ઈન્ડિયા એકઝીટ પોલમાં અકાલી દળને ફકત ૭થી ૧૧ બેઠકો પર સમેટાઈ તેવું નજરે પડી રહ્યું છે.પંજાબમાં આમ આદમી પાર્ટીને ૪૧ ટકા મત મળવાનું અનુમાન છે જયારે ભાજપને માત્ર સાત ટકા મત મળે તેવું અનુમાન છે.

એ યાદ રહે કે ગત વિધાનસભામાં કોંગ્રેસે ૭૭ બેઠકો પર જીત હાંસલ કરી હતી.આમ આદમી પાર્ટીએ ૨૨ બેઠકો જીતી હતી. શિરોમણી



અકાલી દળને ફકત ૧૫ બેઠકો મળી હતી.જયારે ભાજપની સાથે ગઠબંધનમાં ચુંટણી લડેલ ભાજપને ફકત ત્રણ બેઠકો પર સંતોષ વ્યકત કરવો પડયો હતો. પંજાબમાં ૨૦ ફેબ્રુઆરીએ મતદાન થયું હતું.૧૧૭ બેઠકો પર ૬૫.૩૨ ટકા મતદાન થયું હતું.

જો કે કોંગ્રેસ,અકાલી દળ ભાજપના નેતાઓએ કહ્યું હતું કે આ માત્ર એકઝીટ પોલ છે.અનેકવાર એકઝીટ પોલ ખોટા પડયા છે અને ૧૦મી માર્ચે ચુંટણી પરિણામથી સ્પષ્ટ થશે કે સરકાર કોણ બનશે તમામ નેતાઓએ પોત પોતાની જીતના દાવા કર્યા છે.

દરમિયાન એકઝીટ પોલ અનુસાર મણિપુરમાં ભાજપને ૩૨-૩૮ બેઠકોનું અનુમાન લગાવાયું છે મણિપુરમાં ૧૨થી ૧૭ બેઠકો કોંગ્રેસને મળે તેવું અનુમાન છે.મણિપુરમાં એનપીએફને ૩થી ૫ બેઠકો મળતી દેખાઈ રહી છે. એપીપીએ ૨-૩૪ અને અન્યનને ૨થી ૫ બેઠકો મળતી દેખાઈ રહ્યું છે.એકઝીટ પોલ અનુસાર ભાજપને ૩૯ ટકા મત મળવાનું અનુમાન છે કોંગ્રેસને ૩૦ ટકા એનપીએફને ૯ ટકા એનપીપીને ૬ ટકા અને અન્યને ૧૬ ટકા મત મળવાનું અનુમાન છે.

ઉતરાખંડમાં આ વખતે વિધાનસભા ચુંટણીમાં પ્રદેશમાં આ વખતે રાજનીતિનું નવું રૂપ જોવા મળી શકે છે.સીધી ટકકર તો ભાજપ અને કોંગ્રેસમાં છે પરંતુ આ વખતે અપક્ષની ભૂમિકા પણ મહત્વપૂર્ણ બની શકે છે.

દેશબંધુના અનુમાન અનુસાર ભાજપને ૨૨-૨૮ બેઠકો કોંગ્રેસને ૪૦-૪૬ બેઠકો આપને ૦-૨ બેઠકો અને અન્યને ૨ બેઠકો મળી શકે છે.જયારે ઈન્ડિયા ન્યુઝ જન કી બાત અનુસાર ભાજપને ૩૨-૪૧ બેઠકો કોંગ્રેસને ૨૭-૩૫ બેઠકો બસપાને ૧,આમ આદમી પાર્ટીને એક અન્યને ત્રણ બેઠકો મળે તેવું અનુમાન છે.આ ઉપરાંત એબીપી સી વોટર અનુસાર ભાજપને ૪૧ ટકા મત મળે તેવું અનુમાન લગાવાયું છે જયારકે કોંગ્રેસને ૩૯ ટકા આમ આદમી પાર્ટીને ૯ ટકા અને અપક્ષને ૧૧ ટકા મત મળે તેવું અનુમાન લગાવાયુ છે. ઈન્ડિયા ન્યુઝ જન કી બાતના એકઝીટ પોલ અનુસાર હોવામાં ભાજપને ૧૩થી ૧૮ કોંગ્રેસને ૧૪થી ૧૯ એમજીપી ગઠબંધનને ૨થી પાંચ આપને એકથી ત્રણ અને અન્યને એકથી ત્રણ બેઠકો મળી શકે છે.મણિપુરમાં ભાજપને ૩૨-૩૮ કોંગ્રેસ ગઠબંધનને ૧૨-૧૭ એનપીએફને ૩-૫ એનપીપીને ૨-૪ અને અન્યને ૨-૫ બેઠકો મળી શકે છે.

આ યાદ રહે કે ઉત્તરપ્રદેશમાં સાતમા અને અંતિમ તબક્કાની મતદાન આજે સમાપ્ત થયું હતું.અંતિમ તબક્કામાં નવ જીલ્લાની ૫૪ બેઠકો પર મતદાન થયું હતું. ચુંટણી પંચના જણાવ્યા અનુસાર સાંજના પાંચ વાગ્યા સુધી ૫૪.૧૮ ટકા મતદાન થયું હતું. ૨૦૧૭માં આ તબક્કામાં સામેલ બેઠકો પર કુલ ૫૯.૬૬ ટકા મતદાન થયું હતું. સાંજે પાંચ વાગ્યા સુધી ચંદોલી જીલ્લામાં સૌથી વધુ ૫૯.૫૯ ટકા મતદાન થયું હતુ જયારે સૌથી ઓછું ૫૨.૭૯ ટકા મતદાન વારાણસી જીલ્લામાં થયું હતું. ૨૦૧૭ની વાત કરીએ તો સૌથી વધુ

(અનુ.પાના.નં.૨)

## ગેરકાયદેસર કૃત્ય કરતી 'તકલાદી' ચાઈનીઝ કંપીનીઓ ઉપર ભારતની બાજ નજર

નવીદિલ્હી,

ચાઈનાનું નામ સામે આવતાની સાથે જ એ વાત જોડાયેલી હોય છે કે કોઈ પણ ચીજ-વસ્તુ હશે તે તકલાદી જ હોઈ શકે. તકલાદી ચાઈનીઝ કંપનીઓ કે જે ભારતમાં વ્યાપાર કરી રહી છે તેના ઉપર સરકારે બાજનજર રાખી છે જેમાં તેમના દ્વારા કરવામાં આવતી ગેરકાયદેસર કૃત્યો ઉપર આગામી સમયમાં કાર્યવાહી હાથ ધરાશે તે અંગે પણ સરકાર દ્વારા જવાબદારી ફિક્સ કરાશે.

સરકાર દ્વારા જે તપાસ હાથ ધરવામાં આવી તેમાં એવા સ્પષ્ટ થઈ રહી છે કે જે ચાઈનીઝ કંપનીઓ ભારતમાં વ્યાપાર કરી રહી છે તે કરચોરીની સાથોસાથ ખોટા ઈન્વોઈસ પણ ઊભા કરી લોકોને છેતરે છે એટલું જ નહીં વિદેશમાં પણ ઈલીગલ લોન એપ્લિકેશન ઊભી કરી લોકો સાથે છેતરપિંડી આચરવામાં આવી રહી છે જેના ઉપર પૂર્ણ વિરામ મુકવામાં આવશે.

બીજી તરફ તપાસ હાથ ધરવામાં આવી છે તેમાંથી એ સ્પષ્ટતા પણ કરવામાં આવી કે એક હજારથી વધુ સીમકાર્ડ ચાઈનાથી ભારત લાવવામાં આવ્યા છે જેમાં ગુડગાંવની હોટલની સાથે અનેક સ્થળોનો સમાવેશ થયો છે. જેને ધ્યાને લઈ સરકાર દ્વારા અને આવકવેરા વિભાગની સાથે જીએસટી વિભાગ દ્વારા આ તમામ આ કંપનીઓ ઉપર તવાઈ બોલાવી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પણ હાલ આ પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે ત્યારે ચાઈનીઝ કંપનીઓ ઉપર અંકુશ લાવવા માટે સરકારે સોશિયલ મીડિયા ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવું કેટલું જરૂરી છે પરંતુ વાસ્તવિકતા એ છે કે હવે જેટલી ચાઈનીઝ કંપનીઓ છે તેના દ્વારા જે ગેર પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે તેના ઉપર તવાઈ બોલાશે.


## રાજ્યસભાની ૧૩ બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણીની તારીખની જાહેરાત

નવીદિલ્હી,

ઉત્તર પ્રદેશમાં આજે (સોમવારે) વિધાનસભા ચૂંટણી માટે છેલ્લા તબક્કાનું મતદાન સમાપ્ત થયું છે તો બીજી તરફ રાજ્યસભાની ૧૩ બેઠકોની દ્વિવાર્ષિક ચૂંટણીની તારીખ પણ જાહેર કરવામાં આવી છે. આ બેઠકો છ રાજ્યોમાં ફેલાયેલી છે, પંજાબમાં પાંચ, કેરળમાં ત્રણ, આસામમાં બે અને હિમાચલ પ્રદેશ, ત્રિપુરા અને નાગાલેન્ડમાં એક-એક બેઠકો છે.

ઉલ્લેખનીય છેકે એપ્રિલ ૨૦૨૨માં સાંસદ એકે એન્ટની, આનંદ શર્મા અને પ્રતાપ સિંહ બાજવા રાજ્યસભામાંથી નિવૃત્ત થઈ રહ્યા છે. તેમના સિવાય ૬ રાજ્યોમાં ૧૩ બેઠકો પરના વર્તમાન સાંસદો પણ નિવૃત્ત થશે, આવી સ્થિતિમાં તેમની જગ્યા પર ખાલી જગ્યા ભરવા માટે ૩૧ માર્ચે મતદાન થશે.

ચૂંટણી પંચે સોમવારે એક અખબારી યાદી બહાર પાડીને મતદાનની તારીખ જાહેર કરી હતી. રાજ્યસભાના આઉટગોઈંગ સાંસદોમાં આસામથી રાની નારા અને રિપુન બોરા, હિમાચલ પ્રદેશના આનંદ શર્મા, એકે એન્ટની, કેરળના એમવી શ્રેયમ્સ કુમાર અને સોમપ્રસાદ કે, નાગાલેન્ડથી કેજી કેન, ઝર્ના દાસ (બૈદ્ય), સુખદેવ સિંહ, ત્રિપુરાના પ્રતાપ સિંહનો સમાવેશ થાય છે. બાજવા, શ્વેત મલિક, નરેશ ગુજરાલ અને શમશેર સિંહ દુલ્લો પંજાબથી રાજ્યસભાના વર્તમાન સાંસદ છે. ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, તમામ સીટો માટે નોમિનેશનની છેલ્લી તારીખ ૨૧ માર્ચ, ૨૦૨૨ હશે. જ્યારે ઉમેદવારીપત્રોની ચકાસણી ૨૨ માર્ચે કરવામાં આવશે. ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૨૪ માર્ચ છે અને મતદાન ૩૧ માર્ચના રોજ સવારે ૯ થી સાંજના ૪ વાગ્યા સુધી થશે. તે જ દિવસે સાંજે ૫ કલાકે મતગણતરી સાથે પરિણામ પણ જાહેર કરવામાં આવશે.




કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**એમ. કે. પરમાર**

મુ. રીછીંયા, તા. કાલોલ જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**ડી. આર. દલવાડી**

મુ. આશ્રમરોડ મલાવ, તા. કાલોલ, જી.પંચમહાલ

# સંતરામપુર તાલુકામાં વીજ કંપનીના ચેકીંગ દરમિયાન ૧૦ લાખની વીજ ચોરી ઝડપાઈ




સંતરામપુર,

સંતરામપુર તાલુકામાં થી ૧૦ લાખની વીજચોરી ઝડપાઈ. સંતરામપુર તાલુકાના એક અને બે નંબરમાં વીજચોરી કોર્પોરિટર ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવેલી હતી. સંતરામપુર બે વિભાગ અને એક વિભાગ દ્વારા કચેરીના તાબા હેઠળના ગામો બટકવાડા ઉંબેર ગરાડીયા પાદેડી અડોર માંચોડ વેણા કોટડા ફળવા પગીના મુવાડા નસીકપુર કુરેટા કણજરા વગેરે કુલ અલગ અલગ ગામોમાં ૯૩ ગામોમાં વીજચોરી કોર્પોરિટર ડ્રાઈવ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ચાલુ લાઈનમાં લંગરીયા નાખીને બારોબાર વીજ ચોરી કરતા હતા. તપાસ દરમિયાનની અંદર અલગ અલગ ગામોમાંથી ૯૩ ઘરના વ્યક્તિ ઉપર મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ફરિયાદ કરીને તેમના પર ગુનો દાખલ કરવામાં આવેલો હતો અને અંદાજિત રૂપિયા ૧૦ લાખની વીજચોરી ઝડપાઈ હતી. વીજચોરીમાં કણજરા પટેલિયા જયસિંગભાઈ હીરાભાઈ, નસીકપુર બારીયા જવાભાઈ, કાળુભાઈ બારીયા, દલપતભાઈ બારીયા, રમીલાબેન રમણભાઈ બારીયા, ચંચીબેન કાંતિભાઈ, બારીયા ખુમાભાઈ અર્જુનભાઈ વગેરે તમામ પર વીજ ચોરી નો ગુનો દાખલ કરવામાં આવેલો હતો વીજચોરી કોર્પોરિટર ચેકિંગ ડ્રાઈવમાં સંતરામપુર વિભાગ ૧ અને ૨ દ્વારા મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સપાટો બોલાવ્યો હતો.

# મહીસાગર જીલ્લાના બાગાયત ખેડૂતોએ સરકારની પ્રોત્સાહક યોજનાઓનો લાભ લેવા આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવી

લુણાવાડા,

સરકારના બાગાયત ખાતાની વર્ષ ૨૦૨૨-૨૩ માટે જુદી-જુદી સહાયલક્ષી યોજનાઓ જેવી કે ડ્રીપ ઈરીગેશન માટે પાણીના ટાંકા, અર્ધપાકા મંડપ, પાકા મંડપ તથા કાચા મંડપ, પ્લાસ્ટીક મલ્ચીંગ, પાવર ટીલર, છુટા ફુલો, ટીસ્યુ કેળ, પપૈયા, ફળપાક વાવેતર, ટીસ્યુકલ્ચર ખારેક વાવેતર, ઔષધીય સુગંધીત પાકોના વાવેતર તથા ડિસ્ટીલેશન યુનીટ, દેવીપુજક ખેડુતો માટે તરબુચ/ટેટીના બિયારણ, ટ્રેક્ટર માઉન્ટેડ સ્પ્રેયર, સ્વયં સંચાલીત બાગાયત મશિનરી, કોલ્ડ ચેઈન મેનેજમેન્ટના કાર્યક્રમો, બાગાયત પેદાશોના પેકેજીંગ મટેરીયલ, ફળપાક વાવેતર તેમજ અન્ય વિવિધ બાગાયતિ યોજનાઓ માટે દરેક ખેડુતો માટે યોજનાઓમાં લાભ લેવા માટે આઈ-ખેડુત પોર્ટલ તા. ૩૦/૦૪/૨૦૨૨ સુધી આઈ-ખેડુત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવે છે. બાગાયતદારોને આ ઘટકોમાં સહાય લેવા માટે http://ikhedut.gujarat.gov.in પર અરજી કરી અરજીની પ્રિન્ટ નકલ સાથે સાધનીક કાગળ જેવા કે નવા ૭-૧૨, ૮-અ, આધારકાર્ડ નકલ, બેંક પાસબૂક નકલ અને રદ કરેલ ચેક, જાતિનું પ્રમાણપ્રત્ર(અનુ. જાતિ), વિગેરે સાથે રૂબરૂ કે ટપાલથી નાયબ બાગાયત નિયામકની કચેરી, મોડાસા રોડ, સરદાર પટેલ વિદ્યાલય પાસે, લુણાવાડા, જિ-મહીસાગરના સરનામે રજુ કરવા નાયબ બાગાયત નિયામક મહીસાગરની અખબારી યાદીમા જણાવાયુ છે.

# પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના બ્રહમાકુમારીઝ સંસ્થાના સંચાલિકા રાજયોગિની સુરેખાદીદીનો સેવાયજ્ઞ



ગોધરા,

આજે ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલાદિન છે ત્યારે આ કહેતા આનંદની લાગણી થાય છે કે વિશ્વના ૧૩૦ કરતા વધુ દેશોમાં ૮૫૦૦ થી પણ વધુ સેવાકેન્દ્રો ધરાવતા બ્રહમાકુમારીઝ સંસ્થાનું સંપુર્ણ સંચાલન માત્ર બહેનો દ્વારા થઈ રહયુ છે.

ત્યારે પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના આવા બ્રહમાકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું સફળ સંચાલન રાજયોગિની બ્ર.કુ.સુરેખાદીદી ૧૯૬૯ થી માત્ર ૧૬ વર્ષની ઉંમરથી જ સંપુર્ણ ઈશ્વરીય સેવામાં સમર્પિત થઈ આધ્યાત્મિક સેવાકીય કાર્ય કરી રહ્યા છે.

વિશ્વ જયારે આજે મહિલાદિન નિમિત્તે સફળ મહિલાઓની વાત કરી રહયુ છે ત્યારે પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાનું શિર ગૌરવથી ઉંચુ થઈ જાય તેવા સુરેખાદીદીના જીવન ઉત્કર્ષની વાતો જોઈએ.

૧૯૮૦ માં દીદી ગોધરા ખાતે સેવાકેન્દ્રમાં સેવાકાર્ય અર્થે કાર્યરત થયા જે સેવાકેન્દ્ર વિશ્વકર્મા ચોક ગોધરા ખાતે હતું અને માત્ર ગોધરા ખાતે થી જ જિલ્લાની સેવા થતી હતી. જે સેવાયજ્ઞનો સતત વિકાસ કરી હાલ આ સેવાકેન્દ્ર ૧૯૯૨ થી ભગવતનગર સોસાયટીમાં કાર્યરત છે. અને આજદિન સુધીમાં ત્રણે જિલ્લાઓમાં થઈ ૧૩ મોટા સેવાકેન્દ્રો અને ૮૦ જેટલી ગીતા પાઠશાળાઓ આધ્યાત્મિક સેવા કાર્ય અર્થે કાર્યરત છે. અને ૨૦૦૦ થી પણ વધુ રાજયોગી ભાઈ બહેનો ઘર ગુહસ્થમાં રહીને નિર વ્યસની, પવિત્ર, તનાવમુકત અને સહજ રાજયોગી જીવન જીવી રહયા છે.

સમાજમાં અનેક પ્રકારના તનાવ, ચિંતા, વ્યસન, કુરિવાજો, સંબંધોમાં કડવાહટ, શારીરિક બિમારીથી પીડિત વ્યકિતઓને આધ્યાત્મિક રીતે જ્ઞાન આપી મનથી સશકત બનાવી શ્રેષ્ઠ અને દિવ્ય જીવન માટે રાજયોગ દ્વારા આ સંસ્થા જ્ઞાન આપી મનુષ્યમાંથી દેવત્વ પદ પ્રાપ્ત કરવાનો સંદેશ આપી રહી છે. યોગી અને પવિત્ર જીવન જીવવાનો મંત્ર આપતી આ સંસ્થા આત્મા અને પરમાત્માનું જ્ઞાન આપી રાજયોગ દ્વારા શાંતિ, આનંદ, પ્રેમ, ખુશી અને પવિત્રતા જેવા દિવ્ય ગુણોની અનુભૂતિ કરાવે છે.

આજે આપણે માત્ર મહિલાદિન મનાવવાનો નથી પરંતુ આવી સફળ નારીશક્તિને ઉજાગર કરી તેમના જીવનમાંથી પ્રેરણા લઈ નારીશક્તિને જગાડવાની છે. એક-એક આંગળીથી બનેલો પંજો ઘણું જ શક્તિશાળી કામ કરી શકે છે. તેમ આપણે ઘણી બધી બહેનો/માતાઓએ ભેગા થઈ આ સમાજમાં વ્યાપેલ દુષણો/વિકારો/અજ્ઞાનને દુર કરવાના છે. આજથી દરેક માતા સંકલ્પ કરે કે હું દરરોજ એક આત્માની જયોત જગાવીશ જ અને શિવપિતાનો સંદેશ આપીશ જ... તો કાંકરે કાંકરે પાળ બંધાય તેમ એક એક આત્મા કરીને સમાજ અને દેશ તેમજ વિશ્વનું પરિવર્તન ચોક્કસ થશે જ એમાં બે મત નથી જ.

બ્ર.કુ.કોકિલાબેન સુતરીયા

# વુમન ડે સ્પેશિયલ



ગોધરા શહેરની એકતા મખીજા સાચા અર્થમાં એક સફળ વુમન કહી શકાય.તેઓ એ સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ થકી પોતાનું પેજ બનાવી આજે ૧૦૦ થી વધુ નેશનલ અને ઈન્ટરેશનલ બ્રાન્ડ સાથે કામ કરી રહ્યા છે.જેઓ પોતે જાતે પગભર થઈ સમાજની અન્ય મહિલાઓ ને પણ પ્રેરિત કરી જણાવી રહ્યા છે કે કોઈપણ કાર્ય કરતા પહેલા રસ્તો મુશ્કેલ જરૂર હોય શકે પણ તે કાર્ય નહિ થાય એવું નહિ કાર્ય તો થશે અને સફળતા જરૂર થી એક દિવસ મળશે.ત્યારે શહેર ની અને સમાજની મહિલાઓને જણાવતા લગ્ન બાદ પણ તમારામાં ટેલેન્ટ હોય તો તેને આજે સોશિયલ મીડિયા તેમજ આધુનિકતાનાં સમયમાં લાખો લોકો સુધી પહોંચી પોતાની ઓળખ બનાવી શકાય છે.

ગોધરા શહેરની બામરોલી રોડ ખાતે રહેતી એકતા મખીજા જે સોશિયલ મીડિયા થકી પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.લગ્ન થયા બાદ પણ તેઓએ પોતાનામાં રહેલું ટેલેન્ટ ફોગટ નાં જાય તે માટે સોશ્યલ મીડિયા પર પોતાનું પેજ બનાવી આજે વિશ્વ ની ૧૦૦થી વધુ નેશનલ અને ઈન્ટરનેશનલ બ્રાન્ડ સાથે કામ કરી રહ્યા છે.જેમાં તેમની સફળતા પાછળ ઘર પરિવાર અને મિત્રોનો ખૂબ સહયોગ સાંપડ્યો છે.વિશ્વની ૧૦૦ થી વધુ નેશનલ અને ઈન્ટરનેશનલ બ્રાન્ડ જેમાં ગુજરાત ટુરિઝમ, કાર્ટૂન નેટવર્ક, ડિસ્કવરી, કલ્યાણ જવેલર્સ, લાઈફ સ્ટાઈલ વગેરે સાથે આજે સોશ્યલ મીડિયા પર પોતાનું પેજ બનાવી કામ કરી રહ્યા છે.જેઓ આજની મહિલાઓ ને જણાવી રહ્યા છે કે જો તમારામાં જુસ્સો અને કઈક કરી બતાવવાની ભાવના હોય તો ભલે ને લગ્ન થઈ ગયા હોય, નાનું શહેર હોય, ઉંમર થઈ ગઈ હોય,તો પણ તમારામાં રહેલું ટેલેન્ટ જેવું કે સિંગિંગ, ડાન્સ, કુકિંગ ને લાખો લોકો સુધી આજે પણ સોશિયલ મીડિયા થકી પહોંચાડી ને પોતાની ઓળખ ઊભી કરી શકો છો.એકતા મખીજા ને ઈન્સ્ટાગ્રામ તરફથી એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે.

# પાવાગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધાને ધ્યાનમાં રાખી પ્રવાસીઓ/દર્શનાર્થીઓની અવરજવર પર પ્રતિબંધિત

ગોધરા,

પાવાગઢ પર્વત પર રાજ્ય કક્ષાની દ્વિતીય પાવાગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાનાર છે. આ સ્પર્ધામાં મોટા પ્રમાણમાં સ્પર્ધકો ભાગ લેતા હોઈ કોઈ અગવડ ન પડે અને કોઈ અકસ્માત કે જાનહાનિ સર્જાય નહીં તે માટે ટ્રાફિકનું નિયમન કરવાનાં હેતુસર માંચીથી દૂધિયા તળાવ સુધી ચાલતા ચઢવાનાં પગથિયા પર દર્શનાર્થીઓ/પ્રવાસીઓની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ- ૩૩ (૧) (ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એમ.ડી. ચુડાસમા દ્વારા આવતીકાલે ૦૮ માર્ચ, ૨૦૨૨નાં રોજ સવારનાં ૦૫.૦૦ કલાકથી ૧૧.૦૦ કલાક સુધીનાં સમયગાળા દરમિયાન માંચીથી દૂધિયા તળાવ સુધીનાં પગથિયાઓ પર યાત્રાળુઓ, દર્શનાર્થીઓ, પ્રવાસીઓને ચઢવા-ઉતરવા પર તેમજ પશુઓ દ્વારા સાધન સામગ્રી, ચીજવસ્તુઓનાં વહન કરવા કે અવર-જવર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પાવાગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેનાર સાહસવીરો તેમજ સંલગ્ન સ્ટાફ આ પગથિયાઓ પર અવર-જવર કરી શકશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલિસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.




ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે હેલ્પલાઈન-૧૪૫૬૭ લોન્ચ કરવામાં આવી હતી અને ગુજરાત સરકારના મંત્રી પ્રદીપસિંહ પરમારના હસ્તે ગુજરાતમાં શુભારંભ થયેલ છે. જેમાં હેલ્પએજ ઈન્ડિયા દ્વારા અમલીકરણ કરવામાં આવેલ છે. જે અંતર્ગત આજ રોજ કાંકણપુર સેવાશ્રમ વૃદ્ધાશ્રમમાં હેલ્પએજ ઈન્ડિયાના ફિલ્ડ રિસ્પોન્સ ઓફિસર તરફથી વૃદ્ધજનોને માહિતી તેમજ માર્ગદર્શન આપવામાં આવેલ છે.

# ગરબાડાના પાટીયા ગામે ફોર વ્હીલ અને બાઈક વચ્ચે અકસ્માતમાં ત્રણને ઈજાઓ

ગરબાડા,

ગરબાડા તાલુકાના પાટિયા ગામે એક ફોર વહીલર તેમજ બાઈક વચ્ચે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચતા તેઓને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખાસેડવાનું જાણવા મળેલ છે.

ગરબાડા તાલુકાના પાટિયા નેલ ફળીયા ના પ્રેમા ભાઈ નલસીંગ ભાઈ ડામોર પોતાની કબ્જા હેઠળની GJ20H 9347 નંબરની મોટર સાઈકલ પર તેના બીમાર પિતા માલસીંગભાઈ તેમજ માતા રૂમલીબેનને સારવાર અર્થે ગાંગરડી ખાતે સારવાર અર્થે દવાખાને લઈ ગયો હતો. ત્યારે ત્યાંથી બપોરના સમયે આવતી વેળા પાટિયા ગામ નજીક GJ18 GB 1671 નંબરની ખીલખીલાટ ઈકો ગાડીએ મોટર સાઈકલને ટક્કર મારતા રોડની સાઈટમાં ઉતરી જતા સર્જાયેલા માર્ગ અકસ્માત માં મોટર સાઈકલ પર સવાર ત્રણેય ઈસમોને ઈજાઓ પહોંચતા તેઓને નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ઉપરોક્ત બનાવ સંદર્ભે ગરબાડા તાલુકાના પાટિયા નેલ ફળીયાના પ્રેમાભાઈ નલસીંગભાઈ ડામોરે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ગરબાડા પોલીસે ખીલખીલાટ ઈકો ગાડીના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકીનાં અધ્યક્ષ સ્થાને ત્રિમંદિર ગોધરા ખાતે મહિલા દિવસની ઉજવણી કરાશે

૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ત્રિમંદિર, ગોધરા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકીનાં અધ્યક્ષસ્થાને ઉજવણી કાર્યક્રમ યોજાશે. જેન્ડર ઈક્વાલિટી ટુડે ફોર એ સસ્ટેનેબલ ટુમોરોની થીમ પર સવારે ૯.૩૦ કલાકે યોજાનાર આ કાર્યક્રમમાં કાલોલનાં ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, મહિલા અને બાળવિકાસ અધ્યક્ષ પ્રેમિલાબેન પરમાર, સામાજિક ન્યાય સમિતીનાં અધ્યક્ષ મણીબેન કે. રાઠોડ સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે. મહિલા દિન પ્રસંગે આવતીકાલે વ્હાલી દિકરી યોજના, ગંગાસ્વરૂપા સહાય યોજના સહિતની મહિલાલક્ષી યોજનાઓનાં લાભોનું વિતરણ કરવામાં આવશે તેમજ આંગણવાડી કાર્યકર્તા બહેનોને માતા યશોદા એવોર્ડ તેમજ વિવિધ કાર્યક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનારી ૨૦થી વધુ મહિલાઓને સન્માનપત્રનું વિતરણ કરવામાં આવશે.

# ગોધરા શ્રીમતી ટી.સી. સોની મા.વિદ્યાલયની વિદ્યાર્થીની સ્ટેમ કિવઝમાં ટોપટેનમાં



ગોધરા,

ગોધરા શહેર ખાતે આવેલી શ્રીમતી ટી.સી.સોની માધ્યમિક વિદ્યાલય ખાતે ગુજરાતી માધ્યમ ધો-૯ માં અભ્યાસ કરતી તાવિયાડ તૃપલ ગુજકોસ્ટ આયોજિત સ્ટેમ કવિઝમાં જિલ્લાના ટોપ ટેનમાં સ્થાન મેળવેલ છે. ગુજકોસ્ટ તરફથી તૃપલને ટેબ્લેટ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા છે. તે ઉપરાંત શાળાના ટ્રસ્ટી સંજયભાઈ રોહિતકુમાર દેસાઈ તરફથી વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળાના ટ્રસ્ટી દ્વારા જે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓનાં વાલી ખેડૂત હોય અથવા તો છૂટક મજૂરી કરતા હોય અથવા તો કોરોના કાળમાં બેરોજગાર થઈ ગયા હોય અને જેઓની આર્થિક પરિસથિતિ સારી નાં હોય તેવા તમામ વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૨૧-૨૨ ની ફી માફ કરવામાં આવી છે.

# આપની આજ.......

મેષ : આજે વેપારના ક્ષેત્રમાં તમને ફાયદો થવામાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં પરિવર્તનનું આયોજન છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

મિથુન : બીજાની મદદ કરવાથી તમને સારું લાગશે તેથી આજે તમારો દિવસ પરોપકારીમાં વિતાવશો. ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, આને કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે. પરંતુ તમે તમારી સારી વર્તણૂકથી વાતાવરણને સામાન્ય બનાવશો.

વૃષભ : વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીક અને દૂરની મુસાફરી પણ થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિ આનંદકારક રહેશે. વિદ્યાર્થીઓને માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મળશે. કોઈપણ મહત્વપૂર્ણ માહિતી સાંજના કલાકો દરમિયાન મળી શકે છે.

કર્ક : આજે તમારી આર્થિક બાજુ મજબૂત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ, ખ્યાતિ વધશે. અટકેલા કામ પુરા થશે. પ્રિયજનો સાથે મળવાનું થશે. વાણી ઉપર સંયમ ન રાખવાથી પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઉત્પન થઈ શકે છે. સાંજે પ્રિયજનોને મળવાનું આનંદકારક લાગશે.

સિંહ : પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સદભાગ્યે તમને બપોર સુધીમાં આનંદકારક સારા સમાચાર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. સાંજે લાંબા સમયથી રાહ જોવાતા મહેમાનનું આગમન આનંદકારક હોઈ શકે છે.

કન્યા : આજે ઘરની ઉપયોગિતાઓ પર પૈસા ખર્ચ થશે. ગૌણ કર્મચારી અથવા સંબંધીના કારણે તાણ વધી શકે છે. વ્યવહારમાં સાવચેત રહો પૈસા ફસાઈ શકે છે. કોર્ટ-કચેરીના કામ માટે દિવસ દરમિયાન મુસાફરી કરવી પડી શકે છે. જો કે તમને આમાં સફળતા મળશે.

ધન : આજે મોટી માત્રામાં પૈસાની અચાનક પ્રાપ્તિ આર્થિક સ્થિતિને મજબૂત બનાવશે. વ્યવસાયિક યોજનાઓમાં વેગ મળશે. તમારી પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં લીધેલા નિર્ણય પાછળથી પસ્તાવો લાવી શકે છે.

વૃશ્ચિક : આજે ઉદ્યોગમાં તત્પરતાનો લાભ મળશે. પરિવાર તરફથી કૌટુંબિક સુખ પ્રાપ્ત થશે. આજે રચનાત્મક કાર્યોમાં ધ્યાન આપશો. કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ક્રોધ પર કાબુ રાખવો. ઘરની સમસ્યાઓનો હલ આવશે.

મકર : આજે શરીરમાં અચાનક દુઃખાવાને લીધે વધુ ખર્ચની સ્થિતિનો સામનો કરવો પડી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે મિલકતની તમામ કાનૂની બાબતોની ગંભીરતાપૂર્વક વિચાર કરો.

તુલા : પિતાના આશીર્વાદથી અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. વ્યસ્તતા વધુ રહેશે, વ્યર્થ ખર્ચ ટાળો. સાંજથી રાત સુધી વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી.

કુંભ : રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે. પાચનશક્તિ અને આંખના વિકારની સંભાવના પણ છે. ખાવા પીવાનું વિશેષ ધ્યાન રાખવું.

મીન : આજે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રે વિશેષ સિધ્ધિઓ પ્રાપ્ત થશે. આવકના નવા સ્રોત સર્જશે, વાણી તમને વિશેષ માન આપશે. હવામાનની આરોગ્ય પર પ્રતિકૂળ અસર થઈ શકે છે એટલા માટે સાવચેત રહો. જીવનસાથીનો પૂરો સાથ અને સહયોગ મળશે.

# દે.બારીયાના ભથવાડા ગામે ઈકો ગાડીમાંથી ૩૯ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ગામેથી પોલીસે નાકાબંધી દરમ્યાન એક ઈકો ફોર વ્હીલર ગાડીમાંથી ૩૯,૪૪૦ના વિદેશી દારૂના જથ્થા સાથે એકની અટક કર્યાનું જ્યારે એક પોલીસને ચકમો આપી નાસી ગયાંનું જાણવા મળે છે.

ગત તા. ૦૬ માર્ચના રોજ પીપલોદ પોલીસને મળેલ બાતમીના આધારે ભથવાડા ટોલનાકા પાસે નાકાબંધ કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી એક ઈકો ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસને જોઈ ગાડીમાં સવાર બે પૈકી એક નાસી જવામાં સફળ રહ્યો હતો. જ્યારે અન્ય એક ઉદરાભાઈ ગલાલભાઈ ડામોર (રહે. પીટોલ, મધ્યપ્રદેશ) નાને પોલીસે ઝડપી પાડી ગાડીની તલાસી લેતાં તેમાંથી પોલીસે વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ. ૨૮૮ કિંમત રૂ. ૩૭,૪૪૦ ના મુદ્દામાલ સાથે ગાડીની કિંમત મળી કુલ રૂ. ૨,૩૮,૪૪૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ પીપલોદ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ગોધરા રોડ વિસ્તારમાં જુગાર રમતા ૩ જુગારીયા ઝડપાયા

દાહોદ,

દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે ગંજી પાના પત્તા વડે હારજીતનો જુગાર રમી રહેલ ૦૬ ઈસમો પૈકી પોલીસે ૦૩ને ઝડપી પાડી જ્યારે અન્ય નાસી જવામાં સફળ રહેતાં પોલીસે ઝડપી પાડેલ ઈસમો પાસેથી રૂા. ૧૦,૧૬૦ની રોકડ રકમ સાથે જેલ ભેગા કરી દીધાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગતરોજ દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે સાંસીવાડા વિસ્તાર ખાતે જાહેરમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલ સંદીપભાઈ રમેશભાઈ સાંસી, રાહુલભાઈ રાજુભાઈ સાંસી, વિજયભાઈ રમણભાઈ સાંસી, વિશાલ સુરેશ સાંસી અને સન્નુ સુરેશ ગહેલો આ ૦૬ જણા જુગાર રમતાં હતાં ત્યારે પોલીસે ઓચિંતો છાપો મારતાં પોલીસે સંદીપભાઈ, રાહુલભાઈ અને રાજુભાઈને ઝડપી પાડયાં હતાં અને અન્ય ઈસમો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે ઝડપાયેલ ઈસમો પાસેથી અને દાવ પરથી કુલ રૂા. ૧૦,૧૬૦ ની રોકડ રકમ સાથે ઉપરોક્ત ૦૬ ઈસમો વિરૂધ્ધ દાહોદ શહેર પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદનાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે કાર્યક્રમ યોજાશે

દાહોદ,

દાહોદનાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સવારે ૯ વાગ્યેથી કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં સાંસદ જસવંતસિંહ ભાભોર અને જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા સહિતના મહાનુભાવો તેમજ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાશે. કાર્યક્રમમાં માતા યશોદા એવોર્ડ, વિશિષ્ટ કામગીરી કરનાર મહિલાનું સન્માન ઉપરાંત સરકારની વિવિધ મહિલા કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ લાભાર્થી મહિલાઓને આપવામાં આવશે.

(પાન નં.૧ નું ચાલુ)

## પંજાબમાં આપની ઝાડું....

મિર્ઝાપુર જીલ્લામાં ૬૩.૧૩ ટતા મતદાન થયું હતું જયારે આઝમગઢ જીલ્લામાં સૌથી ઓછુ ૫૬.૦૫ ટકા મતદાન થયું હતું. આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય વિસ્તાર વારાણસીમાં સોથી ઓછું મતદાન થયું છે. જીલ્લામાં માત્ર ૫૨.૭૩ લોકોએ મતદાન કર્યું છે. જયારે મઉમાં ૫૫.૦૪, જૌનપુરમાં ૫૩.૨૨ ટકા, ગાઝીપુરમાં ૫૩.૬૪ ટકા. ભદોહીમાં ૨૪.૨૬ ટકા, મિર્ઝાપુરમાં ૫૪.૯૩ ટકા અને સોનગઢમાં ૫૬.૬૫ ટકા મતદાન થયું છે. જયારે કુલ મતદાન ૫૪.૧૮ ટકા રહ્યું છે. આ પહેલા આજે સવારે કડક સુરક્ષા વચ્ચે સાતમા અને અંતિમ તબક્કાનું મતદાન થયું હતું જેમાં મતદારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો પ્રથમવાર મતદાન કરનારા મતદારોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડવાની ફરિયાદો મળી હતી.કેટલાક સ્થળોએ સપા ભાજપના કાર્યકરો વચ્ચે ઝપાઝપી પણ થઈ હતી. દરમિયાન ઉત્તરપ્રદેશમાં મતદાન સમાપ્ત થયા બાદ સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના પ્રમુખ ઓમ પ્રકાશ રાજભરે સપા ગઠબંધનની જીતને લઈ મોટા મોટા દાવા કર્યા છે.આ દરમિયાન તેમણે બીજા નેતાઓથી બે પગલા આગળ નિકળતા ફકત અખિલેશના મુખ્યમંત્રી બનવાનો દાવો કર્યો છે એટલું જ નહીં તેમણે સોગંદવિધિની તારીખ પણ જાહેર કરી દીધી છે તેમણે કહ્યું કે અખિલેશ યાદવ ૧૪ માર્ચના રોજ મુખ્યમંત્રી તરીકેના સોગંદ લેશે. એ યાદ રહે કે યુપીમાં મતગણતરી ૧૦ માર્ચે થનાર છે પરંતુ રાજભરે દાવો કર્યો છે કે છ તબક્કામાં જ સપા ગઠબંધનને બહુમતિ મળી ગઈ છે અને સાતમા તબક્કામાં બોનસ મળવા જઈ રહ્યું છે.તેમણે કહ્યું કે જમીન પર સપા ગઠબંધનનો કોઈ મુકાબલો નથી લોકો છુટા જાનવરોની સમસ્યા મોંઘવારી વગેરે મુદ્દાથી પરેશાન છે અને આ વખતે મતદારોએ પરિવર્તન માટે મતદાન કર્યું છે.

# ગુજરાતના હજારો ખેડૂતો પાણી માટે ટ્રેક્ટરો લઈ રસ્તા પર આવ્યા

પાલનપુર,

બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતો પાણીની સમસ્યાથી ઝઝૂમી રહ્યા છે, જો કે આ રણ વિસ્તારોમાં સરકારે કેનાલો તો બનાવી પણ સિંચાઈ માટે ટાઈમસર પાણી જ અપાઈ નથી રહ્યું, આખરે જગતના તાતને પીવાના પાણી અને સિંચાઈ માટેના પાણીને લઈને રસ્તા પર ઉતરવા સિવાય કોઈ છૂટકો જ નથી. પાલનપુર તાલુકાના મલાણા ગામે તળાવ ભરવાની માંગ સાથે આરતીનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ઉપરાંત ૫ હજાર જેટલા ખેડૂતોએ ૧૦૦ ટ્રેક્ટર સાથે રેલી યોજી હતી.

બનાસકાંઠા જિલ્લામાં છેવાડાના વિસ્તારોમાં પાણી મુશ્કેલી વધુ સર્જાતા નહેરો તો બની ગઈ છે પણ આ નહેરો દ્વારા ટાઈમસર પાણી પહોંચતું નથી તો બીજી તરફ ઘણા દુર્ગમ વિસ્તારોમાં નહેર જ પહોંચી નથી. પાણીના તળો પણ ઉંડા જતા તળાવો સુક્કાભઠ્ઠ બન્યા છે.

ટ્રેક્ટર રેલીમાં ૫ હજારથી ખેડૂતો જોડાયા હતા, બીજી તરફ વધુને વધુ ખેડૂતો જોડાઈ રહ્યા છે, ખેડૂતો જિલ્લાના કલેક્ટરને આવેદનપત્ર આપીને રજૂઆત કરશે. જેમાં ખેડૂતોની મુખ્યમાંગ તળાવોમાં પાણીથી છલકાવવા અને સિંચાઈ માટે યોગ્ય સમયે પાણીની વ્યવસ્થા કરવાની છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ગુજરાત ગેસની મેન પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા દાહોદ શહેરનો ગેસ પુરવઠો ખોરવાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના ગલાલિયાવાડ ખાતે બપોરના સુમારે અજાણ્યાં જેસીબી ચાલક દ્વારા ગેરકાયદેસર ખોદકામ દરમિયાન ગુજરાત્ત ગેસની મેન લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. જેમાં મેન લાઈનમાં ભંગાણ સર્જાયા બાદ પ્રેસરથી ગુજરાત ગેસની પાઈપ લાઈનમાંથી ગેસ લીકેજ થવા પામ્યો હતો. જેના લીધે દાહોદ શહેરને ગેસ પુરવઠો બંધ થઈ જતા લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

વધુ મળતી માહિતી અનુસાર દાહોદ શહેરને ગેસ પુરવઠો પુરૂ પાડતી ગુજરાત ગેસની ગલાલિયાવાડ સાઈધામ ખાતેથી પસાર થતી મેન પાઈપ લાઈનમાં ખોદકામ દરમિયાન ભંગાણ સર્જાયું હતું. ત્યારબાદ ઘટનાની જાણ ગુજરાત ગેસના કર્મચારીઓને થતા તેઓએ તબડતોડ ઘટના સ્થળે આવી ગેસ પાઈપ લાઈનનું સમારકામ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું હતું. ગુજરાત ગેસ લાઈનના કર્મચારીઓના જણાવ્યા અનુસાર ગલાલિયાવાડ ખાતેથી પસાર થતી મેન પાઈપ લાઈન પર કોઈક અજાણ્યાં જેસીબી દ્વારા ખોદકામ દરમિયાન પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. આ ઘટના બાદ જેસીબી ચાલક પોતાનું વાહન લઈને ભાગી છૂટ્યો હતો. ખોદકામ દરમિયાન જેસીબી ચાલક કોણ હતો અને કયા હેતુસર ખોદકામ કરી રહ્યો હતો. તે અંગેની કોઈ પણ જાતની માહિતી પ્રાપ્ત થઈ નથી. જયારે ગેસ પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાવાના લીધે આશરે ચાર થી પાંચ કલાક સુધી ગેસ પુરવઠો બંધ રહેવા પામ્યો હતો. જેના પગલે લોકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો.

# દાહોદ જિલ્લાના ૪૨ પોલીસકર્મીઓને અપાઈ રહી છે સાયબર ઈન્વેસ્ટીંગેશન અને સાયબર સિક્યુરિટીની તાલીમ



દાહોદ,

દાહોદનાં જિલ્લા તાલીમ કેન્દ્ર ખાતે છ દિવસીય સાયબર ક્રાઈમને લગતી તાલીમનો પ્રારંભ જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસરે કરાવ્યો છે. જિલ્લાના ૪૨ પોલીસકર્મીઓને આ અંગેની તાલીમ આગામી તા. ૧૨ માર્ચ સુધી આપવામાં આવશે. દાહોદ જિલ્લા પોલીસ અને સુરક્ષા સેતુ સોસાયટીના સયુકત ઉપક્રમે સાયબર ઈન્વેસ્ટીંગેશન અને સાયબર સિક્યુરિટીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક જોયસરે જણાવ્યું કે, આધુનિક સમય સાથે ક્રાઈમ પણ આધુનિક ઢબે થઈ રહ્યાં છે. ટેકનોલોજીનો ઉપયોગ કરીને કેટલાંક લોકો ગુનો આચરતા હોય છે. આવા ક્રાઈમને રોકવા માટે જિલ્લાની પોલીસને આધુનિક ટેકનોલોજીથી સજ્જકરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ થકી જિલ્લાના પોલીસ કર્મીઓને સાયબર ઈન્વેસ્ટીગેશન અને સાયબર સિક્યુરિટીની તાલીમ આપીને આવા ક્રાઈમ સામે સજ્જકરવામાં આવી રહ્યાં છે.

મદદનીશ પોલીસ અધિક્ષક વિજયસિંગે પણ અત્યારના સમયમાં વધી રહેલા સાયબર ક્રાઈમના સંદર્ભમાં સાયબર ઈન્વેસ્ટીગેશનની અગત્યતા વિશે જણાવ્યું હતું.

આ છ દિવસીય તાલીમ સાયબર ક્રાઈમ એક્સપર્ટ મુર્તુઝાભાઈ દ્વારા અપાઈ રહી છે. તેમજ પંચમહાલના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એ. સાથીયા દ્વારા પણ પોલીસકર્મીઓને આ ક્ષેત્રનું જ્ઞાન અપાઈ રહ્યું છે.

જિલ્લામાં પોલીસને સાયબર ક્રાઈમ સામે સજ્જકરવા માટે ગત જાન્યુઆરી મહિનામાં પણ તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૩૭ પોલીસકર્મીઓને તાલીમ આપવામાં આવી હતી. આ વખતના તાલીમ કાર્યક્રમમાં વધુમાં વધુ પોલીસકર્મીઓને તાલીમ મળે તેનું આયોજન કરાયું છે. કાર્યક્રમમાં નાયબ પોલીસ અધિક્ષક પરેશ સોલંકી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદના મોટીખરજ ગામે બે વાહનોમાં લઈ જવાતો ૪.૭૬ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના મોટીખરજ ગામેથી પોલીસે એક પીકઅપ ફોર વ્હીલર અને એક અલ્ટો ફોર વ્હીલર ગાડીનો પીછો કરતાં પીકઅપ ગાડીમાં સવાર ચાલકો સહિત ચાર જણા પોતાના કબજાના વાહનો સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે બંન્ને વાહનોમાંથી કુલ રૂા. ૪,૭૯,૦૪૦ના વિદેશી દારૂના જથ્થા સાથે બંન્ને વાહનોની કિંમત મળી કુલ રૂા. ૧૦,૩૯,૦૪૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૦૬ માર્ચના રોજ દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે મોટીખરજ ગામે વોચ ગોઠવી ઉભા હતાં તે સમયે ત્યાંથી એક પીકઅપ ફોર વ્હીલર અને એક અલ્ટો ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને બંન્ને ગાડીઓને ઉભી રાખવા ઈસારો કરતાં ગાડીના ચાલકોએ પોતાના કબજાના વાહનો ભગાવતાં પોલીસે ગાડીઓનો પીછો કરતાં પોલીસને પીછો કરતાં જોઈ ગાડીમાં સવાર શંકરભાઈ માનસીંગભાઈ પરમાર (રહે. વરમખેડા, તા.જિ.દાહોદ), રાહુલભાઈ રતનાભાઈ પરમાર (રહે. મોટીખરજ, તા.જિ.દાહોદ), સમીરભાઈ શંકરભાઈ પરમાર (રહે. વરમખેડા, તા.જિ.દાહોદ) અને શૈલેષભાઈ શંકરભાઈ પરમાર (રહે. વરમખેડા, તા.જિ.દાહોદ) નાઓ પોલીસને બંન્ને વાહનો સ્થળ પર મુકી નાસી ગયાં હતાં. પોલીસે બંન્ને વાહનોમાંથી વિદેશી દારૂ વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૩,૭૬૮ કિંમત રૂા. ૪,૭૯,૦૪૦ના પ્રોહી જથ્થા સાથે બંન્ને વાહનોની કિંમત મળી પોલીસે કુલ રૂા. ૧૦,૩૯,૦૪૦નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત ચારેય ઈસમો વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં બે વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયા હોવાથી પરિવારજનો ચિંતીત

દાહોદ,

દાહોદ જિલ્લાના બે વિદ્યાર્થીઓ યુક્રેનમાં હજી પણ ફસાયાં હોવાના પગલે પરિવારજનોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે બીજી તરફ રાહતના સમાચાર એ છે કે, દાહોદ શહેરમાં રહેતાં બે વિદ્યાર્થીઓ આજરોજ હેમખેમ પરત વતન ફરતાં પરિવાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

યુક્રેન અને રશીયા વચ્ચેના યુધ્ધને પગલે ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓ હેરાન પરેશાન થઈ રહ્યાં છે અને યુધ્ધની સ્થિતી વચ્ચે વિદ્યાર્થીઓ જ્યાં ત્યાં સરહદી વિસ્તારમાં તેમજ યુક્રેનમાં પણ ફસાયાં છે. ત્યારે દાહોદ જિલ્લાના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. જેમાંથી કેટલાંક વિદ્યાર્થીઓ પરત વતન આવી પહોંચ્યાં છે અને કેટલાંક હાલ પણ યુક્રેનમાં ફસાયેલા છે. આજરોજ યુક્રેનથી દાહોદ શહેરમાં રહેતાં બે વિદ્યાર્થીઓ પરત વતન આવ્યાં છે. જેમાં કુમેલ ઝાલોદવાલા જે અને અન્ય એક યુવક મળી બે યુવકો દાહોદ શહેરમાં આવતાં પરિવારજનોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. બીજી તરફ મળતી માહિતી પ્રમાણે હજુ પણ બે વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયેલા છે. જેમાં દેવગઢ બારીઆનો લાકેશ પાટી અને ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં રહેતો સહર્ષ પટેલ આ બંન્ને વિદ્યાર્થીઓ યુક્રેનની સુમી સીટીમાં ફસાયેલા છે. મળતી માહિતી પ્રમાણે આ બંન્ને યુવકો બંકરમાં છેલ્લા ૦૭ દિવસથી આશરો લઈ રહ્યાં છે તેમના પરિવારજનોમાં પણ ચિંતાના વાદળો છવાયા છે અને સરકાર દ્વારા પોતાના બાળકોની મદદ કરી વતન લાવવામાં આવે તેવી રજુઆતો પણ કરી રહ્યાં છે.


શહેરનાગોદીરોડ નો રહેવાસી અને યુક્રેનમાં MBBS ના બીજા વર્ષ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી મુફદ્દલ માંડલીવાલા યુદ્ધ પ્રારંભ થવાના અણસાર પારખી સમયસર પરત આવતાં વિદ્યાર્થી ની ભાજપ પ્રદેશ મંત્રી કૈલાશબેન પરમાર,પંચમહાલ જિલ્લા પ્રભારી સયુકતાબેન મોદી, પ્રદેશ એસ.ટી.મોરચા કારોબારી સભ્ય લતાબેન સોલંકી એ શુભેચ્છા મુલાકાત લીધી હતી.વિદ્યાર્થીનાં પરિવારમાં પુત્ર સમયસર દાહોદ પરત આવી જતા ખુશી જણાતી હતી. વિદ્યાર્થીએ દેશનાં પ્રધાનમંત્રી દ્વારા વિદ્યાર્થીઓને વતન પરત લાવવાના પ્રયત્નોની પ્રશંસા કરી હતી. પરત આવેલ વિદ્યાર્થી અને પરિવારની હીરાલાલ સોલંકી, બુરહાનભાઈ ભાટીયા,શાકિર ભાઈ, પિન્ટુ દીવાકરે પણ મુલાકાત લીધી હતી અને પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

# ૧૦૮ ઈમરજન્સી સેવા દાહોદના EMT સ્વ.ધર્મેન્દ્રભાઈ હિંમતસિંહ બારીયા પરિવારના બેંક ખાતામાં PMGKP સહાય યોજના હેઠળ પચાસ લાખ રૂપિયા જમા કરાયા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જીલ્લામાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા ૪ વર્ષથી ઈ.એમ.ટી તરીકે ફરજ બજાવતા સ્વ ધર્મેન્દ્રભાઈ હિંમતસિંહ બારીયા જેઓએ તેમની કારકિર્દીમાં અનેક લોકોના જીવન બચાવ્યા હતા અને કોરોના વાયરસની વૈશ્વિક મહામારીમાં અનેક લોકોને સેવા આપતા હતા. તા. ૦૩-૦૯-૨૦૨૧ ના રોજ કોરોના સંક્રમિત દર્દીને SSG હોસ્પિટલ, વડોદરા ખાતે દાખલ કરી ને દાહોદ પાછા બેક-ટુ-બેઝ હતા તે દરમિયાન રાત્રે ૧૧:૩૦ વાગે તેમની એમ્બુલન્સ નો અકસ્માત થયો હતો. સારવાર દરમ્યાન ધીરજ હોસ્પિટલ,વડોદરા તા. ૦૪-૦૯-૨૦૨૧ નાં રોજ જીવ ગુમાવ્યો હતો. તેમને કોરોના મહામારીના કપરા સમયમાં લોકસેવા માટે આપેલું આ બલિદાન ક્યારેય ભૂલાય તેમ નથી. જીલ્લા કલેક્ટર અને GVK EMRI ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા સંસ્થાના અથાગ પ્રયત્ન થકી PMGKP યોજના હેઠળ રૂપિયા પચાસ લાખ (રૂ.૫૦,૦૦,૦૦૦)ની સહાય તેમના પરિવારના બેન્ક ખાતામાં જમા કરતા પરિવારજનોએ જીલ્લા કલેક્ટર તથા GVK EMRI ૧૦૮ ઈમરજન્સી સેવાનો આભાર વ્યક્ત કર્યો હતો.

સ્વ ધર્મેન્દ્રભાઈ બારીયા કોરોના મહામારીમાં લોકોની સેવા કરતાં અકસ્માત થતા મૃત્યુ પામેલ હોઈ સરકારની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ જાહેર કરવામાં આવેલ ઈન્શ્યોરેન્સ કવરનો લાભ તેઓના પરિવારજનોને મળી શકે તે માટે GVK EMRI સંસ્થા દ્વારા યોજના હેઠળ સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી હાથ ધરેલ હતી અને સરકારના નિયત કરેલ નીતિનિયમોનુસાર જરૂરી દસ્તાવેજો સાહિતની અરજી સંલગ્ન કચેરી ખાતે મોકલી આપેલ હતી. સરકારના અધિક નિયામકની કચેરી, તબીબી સેવાઓ, આરોગ્ય વિભાગ તથા કલેક્ટરની કચેરી સાથે જરૂરી સંકલન સાધી નિયત કાર્યવાહી પૂર્ણ કરી પરિવારજનોને સમયસર સહાય મળે તે મુજબની સફળ કામગીરી કરેલ હતી.

પરિવારના જણાવ્યા મુજબ તેઓને આટલી મહામૂલી રકમની સહાય મળશે તેવો અનુમાન પણ ન હતો. GVK EMRI ૧૦૮ ઈમરજન્સી સેવા સંસ્થા દ્વારા PMGKP યોજનાની સહાય અપાવવા જરૂરી કાર્યવાહી કરી કપરા સમયમાં પુરતો સહકાર આપેલ છે. પરિવારના સભ્યો તેઓના પિતા GVK EMRI સાથે જોડાઈ ૧૦૮ ઈમરજન્સી સેવામાં આવી ઉમદા અને શ્રેષ્ઠ કામગીરીની ફરજ બજાવતા હતા તે માટે ગર્વ અનુભવે છે.

# દાહોદના નગરાળા ધામરડા પ્રા.શાળા ખાતે NSS ની વાર્ષિક શિબિર યોજાઈ



દાહોદ,

દાહોદ જિલ્લાના ગુર્જર ભારતી બી.એડ નગરાળા દ્વારા ધામરડા પ્રાથમિક શાળા ખાતે એન.એસ.એસ ની વાર્ષિક શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો. આજરોજ તારીખ ૭ માર્ચના રોજ વાર્ષિક શિબિરના ઉદઘાટન સમારોહમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. આ સમારંભમાં ધામરડા ગ્રામ પંચાયતના સરપંચ, તાલુકા સભ્ય , એસ.એમ.સી. અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, ટ્રસ્ટી અમરસિંહ ગોહિલ, ધામરડા પ્રાથમિક શાળાના આચાર્ય તેમજ ધામરડાના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનો શાબ્દિક સ્વાગત તેમજ પરિચય ગુર્જર ભારતી બી.એડ કોલેજના પ્રિન્સિપાલ ડો. જીતેન્દ્ર પંચાલ કરેલ હતું. દરેક મહેમાનોનો પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એન.એસ.એસ ગીત પ્રસ્તુતિ કરવામાં આવી. એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા અંધશ્રદ્ધા વિષય આધારિત નાટક પ્રસ્તુત કરવામાં આવ્યુ. કોલેજના તાલીમાર્થી પટેલ પ્રિયંકાબેને એન.એસ.એસ.ની આખા વર્ષ દરમિયાન પ્રવૃત્તિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. કાર્યક્રમ નું સંચાલન પ્રિયંકાબેન દ્વારા કરવામાં આવ્યુ . ટ્રસ્ટી અમરસિંહ ગોહિલે એનએસએસની પ્રવૃત્તિઓને સમાજ માટે ઉપયોગી ગણાવી હતી. છેવાડાના માનવીઓ માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે તે માટે રાષ્ટ્રીય સેવા યોજના ખૂબ જ ઉપયોગી પરિબળ સાબિત થઈ રહ્યું છે તેમ જણાવેલ હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહી આજનો સમારંભ સફળ બનાવેલ હતો સમારંભની આભારવિધિ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર જયબેન મેડા એ કરી હતી.

# દાહોદ ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા જિલ્લામાં શાળાઓની કન્ઝ્યુમર કલબ માટે ચેક વિતરણ અને ગ્રાહક સમજૂતી કાર્યક્રમ યોજાયો




દાહોદ,

ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ દ્વારા જી પી ધાણકા મધ્યમિક શાળા દાહોદ ખાતે દાહોદ જિલ્લાના ૬૮ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કન્ઝ્યુમર કલબની સ્થાપના કરવામાં આવી માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને ગ્રાહક જાગૃતિનું શિક્ષણ મળે તે માટે જરૂરી સૂચનાઓ અને ગ્રાહક જાગૃતિ અંગેની પ્રવૃત્તિઓ કરવા અંગેની વિસ્તૃત જાણકારી ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદના પ્રમુખ ગોપાલભાઈ ધનકા ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદના મંત્રી સાબિર શૈખ એ આપી હતી. આ પ્રસંગે જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કન્ઝ્યુમર કલબના આચાર્યઓ અને કોડીનેટર્શ્રી ઉપસ્થિત રહ્યા હતા. મિટિંગમાં ગ્રાહક સુરક્ષા અંગેની જાગૃતિ અંગેના સાહિત્યનું પણ આપવામાં આવ્યું હતું. તેમજ દરેક કન્ઝ્યુમર કલબના આચાર્ય કો-ઓર્ડીનેટરને રૂપિયા ૪૦૦૦ નું ચેક ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જી.પી. ધાનકા માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષક દેવેન્દ્રભાઈ પરમાર તથા આચાર્ય અરવિંદભાઈ હાડાએ કર્યું હતું.

# દાહોદ કસ્બા વિસ્તારમાંથી ૨૦૦ કિલો ગૌવંશનું માંસ કબ્જે લેતી પોલીસ

દાહોદ,

દાહોદ શહેરના કસ્બા વિસ્તાર ખાતે બે ઈસમો પોતાના આર્થિક લાભ મેળવવા સારૂં ગૌવંશનું કુરતા પુર્વક કતલ કરી વેચાણ કરતાં હોવાની બાતમી દાહોદ શહેર પોલીસને મળતાં પોલીસે સ્થળ પર ઓંચિંતો છાપો મારતાં બંન્ને ઈસમો પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે સ્થળ પરથી ૨૦૦ કિલો ગ્રામ કિંમત રૂા. ૨૦,૦૦૦નું ગૌવંશનું માસ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા. ૨૭મી માર્ચના રોજ દાહોદ શહેરના કસ્બા વિસ્તાર ખાતે ઈમરાન ઈરીશન મલેક (રહે. પટણી ચોક કલાક ઝાંપા, તા.જિ.દાહોદ) અને અવેશ અઝીજ શેખ (રહે. ખાઈ ફળિયું, દાહોદ કસ્બા, તા.જિ.દાહોદ) બંન્ને જણા ગૌવંશનું કુરતા પુર્વક રીતે કતલ કરી ગૌમાંસનું વેચાણ કરતાં હતાં. પોલીસે ઓચિંતી રેડ પાડતાં ઉપરોક્ત બંન્ને જણા પોલીસને જોઈ નાસી ગયાં હતાં. પોલીસે સ્થળ પરથી ૨૦૦ કિલો ગ્રામ કિંમત રૂા. ૨૦,૦૦૦ની કિંમતનું ગૌમાંસનો જથ્થો કબજે કરી ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ દાહોદ શહેર પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ગરવી ગુજરાતમાં દારૂબંધી ખાલી કાગળ ઉપર

# રૂા.૧.૦૬ કરોડનો વિદેશી દારૂ જપ્ત કરાયો : પકડાયેલા દારૂનો જથ્થો પુરો નાશ કરાશે ખરો...?

દે.બારીયા,

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર ને માત્ર કાગળો ઉપર જોવા મળે છે. હવે તો ડ્રગ્સનું દુષણ અને હબ બનતું જાય છે કે શું..? સાથે અફીણ, હેરોઈન તેમજ ચરસનો વેપાર ફુલો ફાલ્યો છે. ગત માસમાં દાહોદ જીલ્લામાં અફીણના છોડ ખેડુતો પાસેથી પકડવામાં આવ્યા છે. તે તાજું ઉદાહરણ છે.

ગુજરાત સરકારે વિધાનસભા ગૃહમાં કબુલાત કરી છે કે, છેલ્લા બે વર્ષમાં ૧.૦૬ કરોડ વિદેશી દારૂની બોટલો પકડાઈ છે. જેની કિંમત ૨૧૫ કરોડથી વધુ થાય છે. આ ઉપરાંત ૧૯ લાખથી વધુ લીટર દેશી દારૂ પકડવામાં આવ્યો છે. જેની કિંમત ૪.૩૩ કરોડ થી વધુ થવા જાય છે. જ્યારે બિયર ૧૨.૨૦ લાખ બોટલો જપ્ત કરવામાં આવી છે. જેની કિંમત ૧૬ કરોડની આસપાસ થાય છે. બે વર્ષમાં આ ગુનાઓમાં ૪૦૪૬ આરોપીઓ પકડવાના બાકી છે. તેમાં વલસાડમાં ૭૭૩, બનાસકાંઠામાં ૧૨૧, પાટણ ૧૦૧, રાજકોટમાં ૧૦૦, આણંદમાં ૧૦૩, અમદાવાદમાં ૧૫૮, સુરેન્દ્રનગર ૨૦૬ અને સુરતમાં ૩૮૬ આરોપીઓ હજુ પોલીસ પકડી શકી નથી. અત્રે ઉલ્લેખનિય છે કે, આ પકડાયેલા દારૂનો જથ્થાને સીસી કુટેજના દાયરામાં અને ૨૪/૭ પહેરેદારી સાથે સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવે તો અડધો જથ્થો પીવાઈ જતો અથવા વેચાણ કરી દેવાતો અટકાવવા માટે પગલાં લેવા રહ્યા. આ વાસ્તવિક છે. પકડાયેલા દારૂને નાશ કરતા ઘણો સમય વિતી જાય છે. જેથી આમાં ખેલ પડી જાય છે. તેવું બુટલેગરોમાં ચર્ચા થઈ રહી છે.

### કયા જીલ્લા માંથી કેટલો વિદેશી દારૂની બોટલો પકડાઈ

અમદાવાદ માંથી ૬.૫૩ લાખ વિદેશી દારૂની બોટલો પકડવામાં આવી છે. તેમજ બનાવસકાંઠા જીલ્લા માંથી ૫.૪૯ લાખ બોટલો, રાજકોટ માંથી ૮.૯૭ લાખ બોટલો, સુરેન્દ્રનગર જીલ્લા માંથી ૪.૦૬ લાખ બોટલો, કચ્છ જીલ્લા માંથી ૪.૪૫ લાખ, ભરૂચ જીલ્લા માંથી ૩.૨૭ લાખ, વડોદરા માંથી ૫.૨૧ લાખ, પંચમહાલ જીલ્લા માંથી ૩.૨૪ લાખ, નવસારી જીલ્લા માંથી ૩.૮૬ લાખ, ખેડા જીલ્લા માંથી ૮.૧૬ લાખ, વલસાડ માંથી ૧૧.૪૧ લાખ દાહોદ જીલ્લામાંથી ૪.૯૭ લાખ, અરવલ્લી ૩.૦૦૬ લાખ અને સુરતમાંથી ૧૦૧૦.૪૩ લાખ વિદેશી દારૂની બોટલો પકડાઈ છે.

# દાહોદનાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે કાર્યક્રમ યોજાશે

દાહોદ,

દાહોદનાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સવારે ૯ વાગ્યેથી કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં સાંસદ જસવંતસિંહ ભાભોર અને જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા સહિતના મહાનુભાવો તેમજ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાશે. કાર્યક્રમમાં માતા યશોદા એવોર્ડ, વિશિષ્ટ કામગીરી કરનાર મહિલાનું સન્માન ઉપરાંત સરકારની વિવિધ મહિલા કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ લાભાર્થી મહિલાઓને આપવામાં આવશે.

# દાહોદ ખાતે NSS એકમની સપ્ત દિવસીય 'સ્વચ્છતા-જનજાગૃતિ ગ્રામ શિબિર' નો ઉદઘાટન સમારોહ યોજાયો



દાહોદ,

તા.૦૭/૦૩/૨૦૨૨ સોમવાર ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના એન.એસ.એસ. એકમ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર'નું આયોજન ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ખાતે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહમાં સમારોહના અદયક્ષ અને ઉદઘાટક તરીકે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના ઈ.સી. મેમ્બર, પ્રો.ગૌતમભાઈ સંગાડા, પ્રેરક ઉપસ્થિત એવા ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ના આચાર્ય, રામસિંગભાઈ સોલંકી, નવજીવન સાયન્સ કોલેજ ના કાર્યકારી આચાર્ય ડો.જી.જે.ખરાદી સર, કોલેજના તમામ વિભાગના વડાઓ, કોલેજ ના સ્ટાફ સભ્યો, આશ્રમ શાળાના સ્ટાફ સભ્યો અને એન.એસ.એસ. ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અદયક્ષ .પ્રો.ગૌતમભાઈ સંગાડા દ્વારા સ્વયંસેવકો ને રાષ્ટ્ર માટેના ઉમદા કાર્યો, સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાન ની માહિતી આપી સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.શ્રેયસ પટેલના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.165

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ગોધરા સાંપારોડ નવદિપનગરમાં રહેતા ૬૮ વર્ષીય નિવૃત વયોવૃદ્ધનું

# ઉછીના રૂપીયા પરત માંગવા મામલે મહિલાએ તેના પ્રેમી અને સાગરીતની મદદથી હત્યાને અંજામ આપ્યો

ગોધરા,

ગોધરા શહેર સાંપારોડ નવદિપનગર સોસાયટીમાં રહેતા ૬૮ વર્ષીય વયોવૃધ્ધએ શકિત નગર સોસાયટીમાં રહેતી મહિલાને ઉછીના રૂપીયા આપેલ હોય આ રૂપીયાની માંગણી કરતાં મહિલા અને તેની સાથે આડા સબંધ ધરાવતા યુવક અને તેના સાગરીતની મદદથી કાવતરું બનાવ્યું હતું. ૪ માર્ચના રોજ વયોવૃધ્ધ તેમના મિત્રના ઘરે ધાર્મિક પ્રસંગમાં જવા માટે આરોપીની ઈકો ગાડી નકકી કરી હતી. અને બે આરોપી ઈસમો છાણીપ ગયા હતા. ત્યાંથી પરત આવી રાત્રીના સમયે તેના સાગરિતને કાલોલ મૂકીને આવી તેમ કહીને એકસઠ પાટીયા નર્મદા કેનાલ પાસે લઈ જઈને આરોપીઓએ દોરડા વડ ગળે ટુંપો આપી હત્યાના પુરાવા નાશ કરવા મૃતદેહને એકસઠ પાટીયા ઘુસર થી વચ્છેસર નર્મદા કેનાલમાં ફેંકીને ગુનો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા સાંપારોડ નવદિપનગર સોસાયટીમાં રહેતા મનહરભાઈ દેવાભાઈ ઝાલા ઉ.વ.૬૮ એ સાંપા રોડ શકિત નગર સોસાયટીમાં રહેતી રેખાબેન કાંતીલાલ પરમારને ઉછીના આપેલ રૂપીયાની માંગણી કરી હતી.





ઉછીના રૂપીયાની માંગણી કરતા રેખા પરમારે તેની સાથે આડા સંબંધ ધરાવતા તેના પ્રેમી સંજય અમરસિંહ દેવીપૂજક (રહે. ગાયત્રી મંદિર, બગીચાની બાજુમાં કાલોલ, હાલ રહે. ભુરાવાવ સી.એચ.સી.સેન્ટર ગોધરા) સાથે મળીને મનહરભાઈ ઝાલાને મારી નાખવાનું પૂર્વ આયોજીત કાવતરું બનાવ્યું હતું અને તા.૪ માર્ચ ૨૦૨૨ના રોજ મનહરભાઈ ઝાલાને શહેરાના છાણીપ ગામે રહેતા વેચાતભાઈ અમીનના ઘરે ધાર્મિક પ્રસંગમાં જવા માટે ઘરે ૮-૩૦ વાગે નીકળેલ હતા અને સંજય અમરસિંહ દેવીપૂજકની ઈકો ગાડી નંબર સીએ.૦૬૬૭માં આરોપી સંજય અને તેના સાગરીત મિત્ર આરોપી રાહુલ ઉર્ફે પિન્ટુ રાવજીભાઈ પરમાર (રહે. અલીન્દ્રા, કાલોલ) મનહરભાઈ ઝાલાને લઈને છાણીપ ગામે ગયા હતા અને છાણીપ ગામેથી પરત આવતી વખતે સંજય દેવીપૂજકે મનહરભાઈ ઝાલાને તેના સાગરીત મિત્ર રાહુલને કાલોલ મૂકીને આવીએ તેમ કહીને ગાડીને એકસઠ પાટીયા નર્મદા કેનાલ પાસે લઈ ગયા હતા અને ત્યાં આરોપીઓ સંજય અને રાહુલ એ ભેગા મળી અગાઉથી નકકી કરેલ પ્લાન મુજબ મનહરભાઈ ઝાલાને દોરડા વડે ગળે ટુપો આપી હત્યા કરી હતી અને હત્યાના પુરાવાનો નાશ કરવા માટે બન્ને આોપીઓએ એકસઠ પાટીયા ઘુસર થી વચ્છેસર નર્મદા કેનાલના ગેટ નં.૧૨૯ થી થોડે દુર લઈ જઈને નર્મદા કેનાલમાં મૃતદેહ ફેંકીને મૃતદેહનો નિકાલ કર્યો હતો. ૪ માર્ચના રોજ હત્યા કરીને નર્મદા કેનાલમાં ફેંકવામાં આવેલ મૃતદેહ અત્યાર સુધી મળી આવેલ નથી. વયોવૃધ્ધની હત્યા કરી મૃતદેહ નર્મદા કેનાલમાં ફેંકી દેવાની કબુલાત બાદ પોલીસ નર્મદા કેનાલને એન.ડી.આર.એફ.ની મદદથી ખુંદી રહી છે. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે મૃતકના જમાઈ નરેન્દ્રભાઈ પરમાર દ્વારા આરોપીઓ સંજય અમરસિંહ, રાહુલ ઉર્ફે પિન્ટુ રાયજીભાઈ પરમાર અને રેખાબેન કાંતીલાલ પરમાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ૩૦૨, ૨૦૧, ૧૨૦ બી, ૧૧૪ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## પૂર્વ આયોજીત કાવતરું રચી મનહરભાઈ ઝાલાની હત્યા કરી મૃતદેહ નર્મદા કેનાલમાં ફેંકયો

# ગુજરાત જનતા જાગૃતિ મંચ ગોધરા દ્વારા પ્રવાસી શિક્ષક નીતિ બંધ કરવા જીલ્લા કલેકટરને આવેદન

ગોધરા,

ગુજરાત જનતા જાગૃતિ મંચ ગોધરા દ્વારા પંચમહાલ જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરતા જણાવવામાં આવ્યું છે કે, ગરીબ વિદ્યાર્થીઓ નાં ભવિષ્ય સાથે ચેડાં કરતી અને યોગ્યતા ધરાવતા બેરોજગાર યુવાનો ને અન્યાય કરતી પ્રવાસી શિક્ષક ની નીતિ બંધ કરવાની માંગ કરવામાં આવી.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર રાજયમાં અને જિલ્લામાં બેરોજગારીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા રેગ્યુલર મહેકમ ની ખાલી જગ્યાઓ પર કાયમી નોકરી આપવાની જગ્યાએ કોન્ટ્રાકટ, આઉસોર્સિંગ, ફિકસ પગાર, માનદ વેતન, ઈન્સેન્ટિવ જેવી અન્યાયી નીતિઓ અંતર્ગત અસ્થાયી રોજગારી આપી બેરોજગાર યુવાનોની મજબૂરીનો ફાયદો ઉઠાવી રહ્યા છે. એમાંથી હવે શિક્ષણ વિભાગ પણ બાકી નથી. ગુજરાતના વિદ્યાર્થીઓને યોગ્ય લાયકાત ધરવાનારા શિક્ષકો પાસેથી શિક્ષણ મેળવવાના અધિકારની વિરૂદ્ધ શિક્ષકોની ખાલી જગ્યાઓમાં કાયમી શિક્ષકની નિમણુક કરવાની જગ્યાએ સરકાર દ્વારા દસ હજાર જેટલા પ્રવાસી શિક્ષકોની ભરતી કરી લાખો ગરીબ વિદ્યાર્થીઓનાં ભવિષ્ય અંધકારમય કરી રહ્યા છે. ત્યારે પી.ટી.સી અને બી.એડ કરી નોકરીની રાહ જોતા બેરોજગાર યુવાનો સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા ભરતી કેલેન્ડર મુજબ ધો.૧ થી ૫ માં દર વર્ષે ૧૩૦૦ વિદ્યા સહાયકો અને ધો.૬ થી ૮ માં દર વર્ષે ૨૦૦૦ વિદ્યા સહાયકોની ભરતી કરવાની થાય છે. પરંતુ ભરતી કરવાની જગ્યાએ માત્ર ચૂંટણીઓ વખતે વોટ માટે ભરતી કરતા હોવાનો આક્ષેપ રજૂઆતમાં કરવામાં આવ્યો છે. ત્યારે આ મામલે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ ગુજરાત જનતા જાગૃતિ મંચ ગોધરા દ્વારા કરવામાં આવી છે.

# શહેરાના બોરીયાવી ગામ પાસેથી વન વિભાગે ગેરકાયદેસર લાકડા ભરેલ ટેમ્પો ઝડપ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના બોરીયાવી ગામ પાસેથી વનવિભાગે ગેરકાયદેસર લાકડા ભરેલ ટેમ્પો ઝડપી પાડયો હતો. જ્યારે બે નંબરી લાકડાંની હેરાફેરીમાં પણ નંબર વગરના વાહનોનો ઉપયોગ થતો હોય ત્યારે તંત્ર દ્વારા આ સામે કાર્યવાહી કરવામાં આવશે કે નહીં.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં કોઈ પણ મંજૂરી વગર ટેમ્પા સહિતના અન્ય વાહનોમા લાકડા ની હેરાફેરી વધતી જઈ રહી હતી. જેને લઈને ફોરેસ્ટ વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલના માર્ગદર્શન હેઠળ સાજીવાવ રાઉન્ડ ફોરેસ્ટર એમ.જી ડામોર તેમજ બીટગાર્ડ એન.જી. સોલંકી સહિતનો સ્ટાફ બોરીયાવી ગામ તરફ જતાં રસ્તા પર પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન લાકડા ભરીને આવતા ટેમ્પો નંબર GJ.07 X 5411ને ઊભા રખાવીને ચાલક પાસે લાકડાની હેરાફેરી કરવા માટેના જરૂરી કાગળો માગવામાં આવતા તે ગોળ ગોળ જવાબ આપ્યો હતો. ફોરેસ્ટ વિભાગ દ્વારા પંચરવ લાકડા સહિત વાહન મળીને રૂપિયા ૧ લાખથી વધુ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વન વિભાગના આર.એફ.ઓ રોહિત પટેલ દ્વારા આવનાર દિવસમાં તાલુકામાં ગેરકાયદેસર લાકડાની આ હેરા ફેરી અટકાવવા માટે કડક કાર્યવાહી કરવામાં આવનાર છે.

# ગોધરા FCI ગોડાઉન પાછળ નીલગીરીની ઝાડીમાં જુગાર રમતા ૬ જુગારીયાને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા એફ.સી.આઈ. ગોડાઉન પાછળ રેલ્વે ફાટક ઓળંગીને નીલગીરીની ઝાડીઓમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ૬ ઈસમોને ૧૦,૮૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એફ.સી.આઈ. ગોડાઉન પાછળ રેલ્વે ફાટક ઓળંગીને નીલગીરીની ઝાડીઓમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોય તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન ઈલીયાસ ઈસ્માઈલ મુલ્લા, ઈદરીશ હુસેન ગાજી, શોએબ મહમંદ પાચા, જુબેર અબ્દુલા સમોલ, સિરાજ હુસેન હશન, ઈમરાન અબ્દુલ મજીદ કલંદર, ઈસ્માઈલ ઈશાક ચરખાને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમોની ઝડતી દરમિયાન ૯૫૦૦/-રૂપીયા અને દાવ ઉપર મુકેલ ૧૩૦૦ રૂપીયા મળી ૧૦,૮૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# હાલોલ વિધાનસભાના પ્રભારીએ ઘોઘંબા અને હાલોલ તાલુકાના ગામોની મુલાકાત લીધી



હાલોલ,

પંચમહાલ જિલ્લાના હાલોલ વિધાનસભાના પ્રભારી તરીકે નિયુક્તિ થતાની સાથે જ અર્જુનસિંહ બારીયા દ્વારા ઘોઘંબા તાલુકાના ગામો તેમજ હાલોલ તાલુકાની મુલાકાત લીધી. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ યુવા સંગઠન મંત્રી ભરત રાઠવા તેમજ હાલોલ તાલુકા પ્રમુખ વિશાલ જાદવ માઈનોરઈટી સેલના પ્રમુખ તેમજ હાલોલ શહેર પ્રમુખ જાડેજા તેમજ પંચમહાલ જિલ્લા ઉપપ્રમુખ પરમાર તેમજ લક્ષ્મણસિંહ, યુવરાજસિંહ તેમજ હાલોલ તાલુકા સમિતિમાંથી કાર્યકરો ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમમાં વિધાનસભા પ્રભારી અર્જુનસિંહ બારીયા દ્વારા વિધાનસભાના આયોજન રૂપે ટીમ હાલોલ તેમજ ગામડાઓમાં કાર્યકરો સાથે રૂબરૂ મુલાકાત કરી હાલોલ વિધાનસભા સીટ જીતવા માટેના તમામ પાસાઓને મજબૂત કરવા માટે અર્જુનસિંહ ભાર મુક્યો અર્જુનસિંહ બારીયા માજી ઘોઘંબા એપી.એમ.સી ચેરમેન રહીં ચુક્યા છે. તાલુકા પ્રમુખ આમ આદમી પાર્ટી ઘોઘંબા વિધાનસભામાં ખુબ સારી રીતે ટીમને મજબૂત કરવા માટે કાર્યશીલ ધરાવે છે. અર્જુનસિંહની આગેવાનીમાં ઘોઘંબા તાલુકામાં આમ આદમી પાર્ટીનું નામ ગુજરાત રાજ્યમાં એક નામ ધરાવે છે. આમ આદમી પાર્ટીનો એક ડંકો વગાડ્યો છે. અર્જુનસિંહ બારીયા ઘોઘંબા તાલુકાના માજી એપીએમસી ચેરમેન રહી ચૂક્યા છે. તેઓ રાજકારણના ખુબજ અનુભવી નેતા છે.

# ગોધરા ધી સીટી કો.ઓ. બેંકના ૯૯માં સ્થાપના દિવસે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ગોધરા,

ધી ગોધરા સિટી કો-ઓપરેટિવ બેંક નાં ૯૯માં સ્થાપના દિન નિમિતે બ્લડ ડોનશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.જેમાં બેંક ની મુખ્ય શાખા સહકાર ચોક બ્રાન્ચ ખાતે આવેલા હોલમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો.જેમાં સિટી બેન્કના ચેરમેન કે.ટી.પરીખ,બેન્કના મેનેજર મનોજભાઈ શાહ,રાજુભાઈ લાલવાણી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.ત્યારે આ બ્લડ ડોનેશન કેમ્પમાં બેન્કના સભાસદો, ગ્રાહકો અને આમ જનતાએ બ્લડ ડોનેશન કર્યું હતું.જેમાં મોડી સાંજ સુધી ૧૫૦ થી વધુ બ્લડ યુનિટ એકત્રીત કરવામાં આવ્યું હતું. ત્યારે સિટી બેન્કનાં ચેરમેન કે.ટી.પરીખે જણાવ્યું હતું કે, બેંક દ્વારા સામાજિક જવાબદારી નાં ભાગરૂપે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની સાથે સતત ચોથા વર્ષે બ્લડ ડોનેશનનું આયોજન કરવાનો સહયોગ સાંપડયો હતો. ત્યારે આ પ્રસંગે અમને સહયોગ આપનારા તમામ નો આભાર વ્યકત કરીએ છીએ.

# પંચમહાલ જિલ્લાની મહિલાઓ માટે સંકટ સમયની સાંકળની ભૂમિકા ભજવતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન

ગોધરા,

મહિલાઓને ઘરેલું હિંસા સહિતની હિંસા તેમજ અન્ય મુશ્કેલીની પરિસ્થિતિમાં તાત્કાલિક ધોરણે બચાવ, મદદ અને સલાહ તેમજ મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે રાજ્ય સરકારનાં મહિલા અને બાળવિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને GVK EMRI દ્વારા સંયુક્ત રીતે શરૂ કરાયેલ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પંચમહાલ જિલ્લામાં અતિ સુંદર કામગીરી બજાવી રહી છે. વર્ષ ૨૦૨૧ દરમિયાન પંચમહાલ જિલ્લામાં અભયમ હેલ્પલાઈનને કુલ ૬૫૫૨ સર્વિસ કોલ્સ મળ્યા હતાં. જે પૈકી ૧૨૭૩ જેટલા કિસ્સાઓમાં અભયમ રેસ્કયુ ટીમ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચી પીડિત મહિલાનો બચાવ અને મદદ પહોચાડવામાં આવી હતી. જ્યારે ૮૧૯ કેસોમાં અસરકારક કાઉન્સેલિંગથી સમાધાન કરાવવમાં આવ્યું હતું. આ ઉપરાંત ઘરેલું હિંસાના ૩૨૩૦, લગ્નજીવનમાં વિખવાદનાં ૨૦૨, ખોવાયેલા-ભૂલા પડેલા ૧૨, માનસિક શારીરિક હેરાનગતિનાં ૧૨૫૦ બિનજરૂરી કોલ-મેસેજથી હેરાનગતિનાં ૩૯ અને કામનાં સ્થળે જાતિય સતામણીનાં ૧૧, આત્મહત્યાનાં વિચારોથી મુકિતનાં ૧૪ કેસો સફળતાપૂર્વક હલ કરવામાં આવ્યા હતા. પંચમહાલ જિલ્લાની મહિલાઓ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન એક સાચી સહેલી બની રહી છે. ઉલ્લેખનીય છે કે ૮ માર્ચ ૨૦૧૫ ને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનાં રોજ રાજ્યવ્યાપી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની શરૂઆત કરવામાં આવી હતી. રાજ્યમાં વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૧ દરમિયાન૯,૭૬,૦૦૦ જેટલી જરૂરિયાતમંદ મહિલાઓએ સર્વિસ કોલ એટેન્ડ કર્યા હતાં, જેમા અતિ ગંભીર ઘટનાઓ અને કટોકટી સમયે બે લાખ જેટલા કિસ્સામાં સ્થળ પર પહોચી રેસ્કયુ હાથ ધરવામાં આવ્યું હતું. અન્ય કિસ્સામાં જરૂરિયાત મુજબ પારિવારિક સમાધાન અથવા સરકારની અન્ય એજન્સીઓ મારફતે આશ્રય માટે કે આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અભયમ મહિલા હેલ્પલાઈન મહિલાઓ સામે થતી ઘરેલુ કે અન્ય પ્રકારની હિંસા, દુર્વ્યવહાર કે છેડતી જેવી ઘટના સમયે તાત્કાલિક બચાવ અને સલાહ, સૂચનની કામગીરી હાથ ધરવી અને મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલ મહિલાને તાત્કાલિક મદદરૂપ બનવાનું છે.

# પંચમહાલ જિલ્લાની વિધવા બહેનો માટે મજબૂત આધાર બની ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના

ગોધરા,

પરિવાર માટે આજીવિકા રળતા પુરૂષ સભ્યનું અવસાન થાય ત્યારે આર્થિક રીતે તેમના પર આધારિત રહેલા પરિવાર માટે જીવન મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં પતિ ગુમાવી ચૂકેલ ગંગાસ્વરૂપા બહેનોને એક મજબૂત આર્થિક ટેકો પૂરો પાડવાના આશયથી સરકારે ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અમલમાં બનાવી છે. આ સહાય યોજના પંચમહાલ જિલ્લાની ગંગાસ્વરૂપા બહેનો માટે આર્શીવાદરૂપ બની રહી છે. જિલ્લાની કુલ ૪૭,૨૨૦ મહિલાઓને તેઓ સમાજમાં સન્માનભેર જીવી શકે તે માટે રૂ. ૫ કરોડ ૯૬ લાખથી વધુની રકમ માસિક સહાય રૂપે ચૂકવવામાં આવી રહી છે. આવા જ એક લાભાર્થી ગોધરા તાલુકાનાં ધાણિત્રા ગામનાં હીરાબેન લાલાભાઈ સોલંકી જણાવે છે કે વર્ષ ૨૦૧૦માં તેમના પતિ એક અકસ્માતમાં અવસાન પામ્યા હતા. સંતાનો મોટા થયા બાદ ડેરીમાં અને એક સરકારી કચેરીમાં સેવા આપી રહ્યા છે પરંતુ વૃદ્ધાવસ્થામાં પોતાની આર્થિક સલામતીનું શું? તેવી ચિંતા કરતા હીરાબેન અને તેમના જેવા અનેક બહેનોની ચિંતા સરકારની આ યોજનાએ દૂર કરી છે. તેઓ જણાવે છે કે દર મહિને રૂ. ૧૨૫૦/-ની માસિક સહાયથી તેઓ પોતાના સામાન્ય ખર્ચાઓ બાબત નિશ્ચિંત રહે છે. જેના કારણે તેમને પોતાના ખર્ચ માટે દિકરાઓ પર આધારિત રહેવું નથી પડતું. હીરાબેન સંતોષ વ્યક્ત કરતા ઉમેરે છે કે હવે તો ખરાઈ કરવા માટે કચેરીનાં ધક્કા પણ નથી ખાવા પડતા. મામલતદાર કચેરી દ્વારા સહાય મંજૂર થયા બાદ લાભાર્થી બહેનોને ડીબીટી મારફતે સહાય સીધી તેમના ખાતામાં ચૂકવવામાં આવે છે. જો કે અત્યાર સુધી આ બહેનોએ હયાતિનું અને પુનલગ્ન કરેલ નથીનું વેરિફિકેશન કરાવવા માટે કચેરી સુધી જવુ પડતું હતું. જેનાં કારણે તેમને પડતી સમસ્યા સમજી સરકાર દ્વારા મોબાઈલ એપ્લીકેશનની મદદથી ઘેરબેઠા ખરાઈ કરવામાં આવી રહી છે. ગંગાસ્વરૂપા યોજનાનાં લાભાર્થી બહેનોએ વર્ષમાં એકવાર આવું વેરિફિકેશન કરાવવાનું હોય અને જુલાઈ માસમાં એફિડેવિટ કરાવવાનું હોય છે. આ એફિડેવીટ કરવામાં નાણા અને સમય ન બગડે તેથી મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી દ્વારા મોબાઈલ વેરિફીકેશન કરવામાં આવી રહ્યા છે. મહિલા અને બાળ વિકાસ અધિકારી રોહનકુમાર ચૌધરીએ જણાવ્યું હતું કે સહાયરૂપે જાન્યુઆરી અને ફેબ્રુઆરી૨૦૨૨ એમ કુલ બે માસની એરીયર્સ સાથે કુલ ૧૨,૧૨,૧૦,૦૦૦/-ની રકમ ખાતામાં ચૂકવવામાં આવી છે.

# શહેરા ખાતે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી થીમ પર કાર્યક્રમ યોજાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા સરકારી વિનયન કોલેજનાં રાષ્ટ્રીય સેવા યોજના (NSS) યુનિટ દ્વારા આજે નવી સુરેલી પ્રાથમિક શાળા ખાતે વાર્ષિક શીબીરમાં દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી થીમ પર કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં આત્મા પ્રોજેકટના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર યોગેશભાઈ પટેલ દ્વારા પ્રાકૃતિક કૃષિનું મહત્વ, તેનાં પાંચ સિધ્ધાતો બીજામૃત, જીવામૃત, આચ્છાદન, વાપસા અને જૈવ આધારીત વિવિધતા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. શહેરા તાલુકાનાં બ્લોક ટેકનોલોજી મેનેજર વિનોદભાઈ એસ.પટેલે જીવામૃતની બનાવટની રીત અંગે તેમજ તેનો ખેતીમાં કઈ રીતે ઉપયોગ કરવો તેની વિસ્તૃત સમજ આપી હતી. આસીસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર ગણપતભાઈ પટેલ દ્વારા પણ બીજામૃત, ઘન જીવામૃત, બીજામૃત, નિમાસ્ત્ર, દશ પર્ણી અર્કબનાવવાની રીત તેમજ તેનાં મહત્વ અંગે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં શાળાનાં રાષ્ટ્રીય સેવા યોજના (NSS)માં જોડાયેલ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ, પ્રાથમિક શાળાનાં શિક્ષક મિત્રો તેમજ ગામનાં ખેડુત ભાઈઓ અને બહેનોએ હાજર રહી શિબિરનો લાભ લીધો હતો.


## ઓન-લાઈન ટેન્ડરીંગ હાલોલ નગરપાલિકા જી.પંચમહાલ જાહેર નિવિદા સને : ૨૦૨૨-૨૩

હાલોલ નગરપાલિકા મુખ્ય અધિકારીશ્રી, હાલોલ-૩૮૯૩૫૦ જી.પંચમહાલ ફોન નં.૦૨૬૭૬-૨૨૧૯૭૨ દ્વારા વિવિધ ગ્રાન્ટ (૧) S.J.M.M.S.V.Y ના ૨.૪૩ લાખ માં ૧ કામ, (૨) ૧૫ % વિવેકાધીન ગ્રાન્ટના ૧૭.૩૯ લાખના કુલ ૮ કામ, (૩) MP ગ્રાન્ટના ૯.૬૪ લાખના ૮ કામ, (૪) ૧૫ માં નાણાપંચ ના ૨૬.૦૪ લાખના ૫ કામ અને માટે (ત્રીજો પ્રયત્ન) થી ૦૪ જુદા જુદા ઓનલાઈન ટેન્ડર અને વ્યયસાય વેરા ગ્રાન્ટ ના ૧૬૫ લાખ ના ફૂલ ૨૭ કામ માટે (બીજો પ્રયત્ન) થી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઓનલાઈન ટેન્ડર માટે ટેન્ડર ભરવાની કાર્યપધ્ધતિ, સંબંધિત વિગતો જેવી કે ટેન્ડર ફી, ઇ.એમ.ડી. વિગેરેની માહિતી વિગતવાર ટેન્ડર નોટીસમાં આપવામાં આવે છે. જે રસ ધરાવતા ઈજારદારો/ઉત્પાદનકર્તાએ વંચાણે લેવા વિનંતી છે. જે એક ટેન્ડર એગ્રીમેન્ટનો ભાગ છે. આ કામોની વિગતવાર જાહેર નિવિદા વેબસાઈટ https://nagarpalika.nprocure.com માં જોઈ શકાશે. નિવિદામાં જણાવેલ કોઈપણ ટેન્ડર અથવા બધા ટેન્ડરો કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ નગરપાલિકાનો અબાધિત અધિકાર છે, જે તમામને બંધનકર્તા રહેશે. ઉપરોક્ત વેબસાઈટ પર ટેન્ડરને લગતા તમામ સુધારા/વધારા ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોઈ શકાશે.

- ઓનલાઈન ટેન્ડર ભરવાની તારીખ : ૦૮/૦૩/૨૦૨૨ સવારે ૧૧:૦૦ કલાક થી ૧૬/૦૩/૨૦૨૨ સાંજે ૧૮.૦૦ કલાક સુધી.
- ટેન્ડર ફી, ઇ.એમ.ડી. વિગેરે ઓરિજિનલ ડોક્યુમેન્ટનું ફીઝીકલ સબમિશનની આખરી તા.૧૯/૦૩/૨૦૨૨ સાંજે ૧૮:૦૦ કલાક સુધી.
(નોંધ : માત્ર આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી હાલોલ નગરપાલિકાને મોકલવાના રહેશે.)
- ઓનલાઈન ટેન્ડર ખોલવાની તા.૨૧/૦૩/૨૦૨૨ ઓફિસ સમય દરમિયાન.

| | | | |
|---|---|---|---|
| વિરાજ શાહ | પ્રમોદસિંહ રાઠોડ | શિતલ પટેલ | વિભાક્ષીબેન દેસાઈ |
| મુખ્ય અધિકારી | કારોબારી ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| હાલોલ નગરપાલિકા | હાલોલ નગરપાલિકા | હાલોલ નગરપાલિકા | હાલોલ નગરપાલિકા |

માહિતી/ગોધરા/૧૦૦૯/૨૦૨૨



## ઓન-લાઈન ટેન્ડરીંગ હાલોલ નગરપાલિકા જી.પંચમહાલ જાહેર નિવિદા સને : ૨૦૨૨-૨૩ (ત્રીજો પ્રયત્ન)

હાલોલ નગરપાલિકા મુખ્ય અધિકારીશ્રી, હાલોલ ૩૮૯૩૫૦ જી. પંચમહાલ ફોન નં.૦૨૬૭૬-૨૨૧૯૭૨ દ્વારા મેન પાવર સપ્લાય ના કામો માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઓનલાઈન ટેન્ડર માટે ટેન્ડર ભરવાની કાર્યપધ્ધતિ, સંબંધિત વિગતો જેવી કે ટેન્ડર ફી, ઇ.એમ.ડી. વિગેરેની માહિતી વિગતવાર ટેન્ડર નોટીસમાં આપવામાં આવે છે. જે રસ ધરાવતા ઈજારદારો/ ઉત્પાદનકર્તાએ વંચાણે લેવા વિનંતી છે. જે એક ટેન્ડર એગ્રીમેન્ટનો ભાગ છે. આ કામોની વિગતવાર જાહેર નિવિદા વેબસાઈટ https://nagarpalika.nprocure.com માં જોઈ શકાશે. નિવિદામાં જણાવેલ કોઈપણ ટેન્ડર અથવા બધા ટેન્ડરો કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ નગરપાલિકાનો અબાધિત અધિકાર છે. જે તમામને બંધનકર્તા રહેશે. ઉપરોક્ત વેબસાઈટ પર ટેન્ડરને લગતા તમામ સુધારા/ વધારા ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોઈ શકાશે.

- ઓનલાઈન ટેન્ડર ભરવાની તારીખ : ૦૮/૦૩/૨૦૨૨ સવારે ૧૧:૦૦ કલાક થી ૧૬/૦૩/૨૦૨૨ સાંજે ૧૮.૦૦ કલાક સુધી.
- ટેન્ડર ફી, ઇ.એમ.ડી. વિગેરે ઓરિજિનલ ડોક્યુમેન્ટનું ફીઝીકલ સબમિશનની આખરી તા.૧૯/૦૩/૨૦૨૨ સાંજે ૧૮:૦૦ કલાક સુધી.
(નોંધ : માત્ર આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી હાલોલ નગરપાલિકાને મોકલવાના રહેશે.)
- ઓનલાઈન ટેન્ડર ખોલવાની તા.૨૧/૦૩/૨૦૨૨ ઓફિસ સમય દરમિયાન.

| | | | |
|---|---|---|---|
| વિરાજ શાહ | પ્રમોદસિંહ રાઠોડ | શિતલ પટેલ | વિભાક્ષીબેન દેસાઈ |
| મુખ્ય અધિકારી | કારોબારી ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| હાલોલ નગરપાલિકા | હાલોલ નગરપાલિકા | હાલોલ નગરપાલિકા | હાલોલ નગરપાલિકા |

માહિતી/ગોધરા/૧૦૦૮/૨૦૨૨



## ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૧૮૫ હેઠળ સાર્વજનિક રસ્તા અને ખુલ્લી જગ્યાઓ પર હરકત તથા દબાણ અંગેની જાહેર નોટીસ

આથી હાલોલ નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ નગરજનોને જણાવવાનું કે હાલમાં હાલોલ નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજના કાર્યરત છે. જેથી નગરપાલિકાના મુખ્ય રસ્તા ઉપર ટ્રાફિકની સમસ્યા વધી ગયેલ છે. જેથી આપશ્રી દ્વારા જો કોઈ સાર્વજનિક રસ્તા, નગરપાલિકાની મિલકત, સરકારી મિલકત ઉપર કોઈ ભીંત અથવા કોઈ વાડ, કઠેરો, થાંભલો, હાટડી, ઓસરી, ચોતરો, ઊભણી, પગથિયું અથવા બહાર નીકળી આવતું કોઈ બાંધકામ અથવા વસ્તુ અથવા બીજું દબાણ અથવા હરકત કરનારૂં કામ જે કોઈ વ્યક્તિએ બાંધ્યા હશે અથવા ઊભા કર્યા હશે, અથવા જે કોઈ વ્યક્તિ બાંધશે અથવા જે કોઈ વ્યક્તિ બાંધશે અથવા કોઈપણ પેટી, ગાંસડી, દાગીનો અથવા વેપારની જણસ અથવા બીજી કોઈ વસ્તુ મુકશે અથવા મૂકાવશે અથવા અન્ય વસ્તુઓ મુકેલ-હોય અથવા કાચું-પાકું કે નાનું મોટું બાંધકામ કરેલ હોય તો દિન-૦૩ માં દૂર કરવાનું રહેશે. જો આમ નહીં કરવામાં આવે તો અત્રેની કચેરી દ્વારા નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૮૫ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની ગંભીર નોંધ લેશો.

મુખ્ય અધિકારી
નગરપાલિકા હાલોલ

માહિતી/ગોધરા/૧૦૦૭/૨૦૨૨